

P.07

પ્રિયંકા ગાંધી 'પેલેસ્ટાઈન' લખેલી બેગ લઈને સંસદ પહોંચ્યા, હંગામો મચ્યો

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07

તાપસી પન્નુએ ૨૦૨૩માં જ બોયફ્રેન્ડ સાથે લગ્ન કરી લીધા હતા !



www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૨૮ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૦૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 128 • Dt. 17-12-2024 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


આમ આદમી પાર્ટીએ તમામ ૭૦ ઉમેદવારોની સંપૂર્ણ યાદી જાહેર તાકાતથી ચુંટણી લડશે



07

17
DECEMBER- 2024
TUESDAY



07

નેપાળમાં ૧૫ દિવસ સુધી ચાલનારા મેળામાં માત્ર બે દિવસમાં જ ૪૨૦૦ ભેંસોનું બલિદાન

**સતત ફૂંકાતા ઠંડા પવનના લીધે લોકો ગરમ કપડામાં સજ્જ**

**ઉત્તર ભારતના પહોડી વિસ્તારોમાં હિમવર્ષાના કારણે સમગ્ર રાજ્યમાં કડકડતી ઠંડી પડી રહી છે । ૧૫ શહેરોમાં તાપમાનનો પારો ૧૫ ડિગ્રીથી નીચે જતા જનજીવન ઉપર અસર પડી । આગામી ૨ દિવસ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનું મોજું યથાવત રહેવાની શક્યતા**

# ગુજરાતમાં કાતીલ ઠંડી વચ્ચે વરસાદની આગાહી

## હવામાન શાસ્ત્રીની આગાહીના લીધે ખેડૂતોના જીવ તાળવે ચોટ્યા । કાતીલ ઠંડીના લીધે પશુ-પક્ષીઓની હાલત દયનીય બની । લોકોએ હિટર અને તાપણાનો સહારો લીધો

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૬ ।

સમગ્ર ગુજરાતમાં કડકડતી ઠંડીએ ભરડો લીધો છે, જેના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આ ઉપરાંત ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષાના કારણે ગુજરાતમાં કડકડતી ઠંડી પડી રહી છે. આ ઠંડીના કારણે લોકોનું રોજીંદું જીવન ભારે પ્રભાવિત થઈ રહ્યું છે. ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીએ પહોંચી ગયું છે. આ સાથે જ નલિયા અને રાજકોટનું તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૨ દિવસ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનું મોજું યથાવત રહેવાની શક્યતા છે.હવામાન વિભાગનું કહેવું છે કે આગામી ૫ દિવસ સુધી રાજ્યના ઘણા ભાગોમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ભારતીય હવામાન વિભાગે આગાહીમાં જણાવ્યું છે કે આગામી દિવસોમાં ઠંડી વધી શકે છે. હવામાન વિભાગે ઠંડીની નવી આગાહીને લઈને મોટું એલર્ટ આપ્યું છે. હિમાચલમાં હિમવર્ષાના કારણે ઠંડીમાં વધારો થયો છે. આ સાથે જ હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે વધુમાં જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતમાં તાપમાન નીચું રહેશે અને તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે રહેશે જ્યારે મધ્ય ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી અને દક્ષિણ ગુજરાતમાં ૧૮ ડિગ્રી રહેશે.



**૫ દિવસ સુધી રાજ્યના ઘણા ભાગોમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં**

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર નલિયામાં ૬.૨ ડિગ્રી, ડીસામાં ૮.૯ ડિગ્રી, અમરેલીમાં ૧૦.૨ ડિગ્રી, વડોદરામાં ૧૦.૨ ડિગ્રી, રાજકોટમાં ૧૦.૪ ડિગ્રી, ભુજમાં ૧૧.૨ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૧.૪ ડિગ્રી, કેહોદમાં ૧૧.૭ ડિગ્રી, કેહોદમાં ૧૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મહુવામાં વલ્લભ વિદ્યાનગરમાં ૧૨.૪ ડિગ્રી નોંધાયું હતું. સુરેન્દ્રનગરમાં ૧૨.૬, ભાવનગરમાં ૧૩.૨, અમદાવાદમાં ૧૩.૫, ઓખામાં ૨૦.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

**૭૦૦થી વધુ બોટ દરિયા કિનારે બંધ રાખી વિરોધ પ્રદર્શન**

# વલસાડ જિલ્લાના દરિયાકિનારે જાફરાબાદના માછીમારોની દાદાગીરી : દરિયા કિનારે વિરોધ

**સુરત અને જૂનાગઢ ખાતે પણ આ પ્રકારના ત્રણ જેટલા ગુના નોંધાયાનું પ્રકાશમાં આવ્યું**

। પ્રતિનિધિ, વલસાડ,તા.૧૬ ।

સૌરાષ્ટ્રના જાફરાબાદના માછીમારો વલસાડ જિલ્લાના દરિયાકિનારે દાદાગીરીથી માછીમારી કરતા વલસાડ જિલ્લાના માછીમારોની આજીવિકા છીનવાઈ જતા આજે ૭૦૦થી વધુ બોટ દરિયા કિનારે બંધ રાખી વિરોધ પ્રદર્શન કરી એક દિવસની ૮૦થી ૯૦ લાખ રૂપિયા ખોટ ખાઈને માછીમારો પોતાની રોજી રોટી માટે સ્વયંભૂ જોડાઈ નારગોલના દરિયા કિનારે વિરોધ પ્રદર્શન કર્યું. જેમાં ૧૦થી વધુ ગામના ૩૦૦૦ જેટલા માછીમારો વિરોધમાં જોડાયા હતા..આ સમગ્ર ઘટનાને લઈને મંત્રીઓ સુધી રજૂઆતો થઈ અને બે વાર સમાધાન પણ થયા છતાં દક્ષિણ ગુજરાત અને વલસાડ જિલ્લાના માછીમારોની આજીવિકાને લઈ કોઈ નિર્ણય ન નીકળતા આજે ૭૦૦થી વધુ બોટ વલસાડ જિલ્લાના દરિયા કિનારે લંગારી એક દિવસની માછીમારી બંધ કરી રૂપિયા ૮૦થી ૯૦ લાખની ખોટ ખાઈને ૧૦ જેટલા ગામના માછીમારો નાગોરના દરિયા કિનારે સ્વયંભૂ જોડાઈને વિરોધ પ્રદર્શન કરી પોતાના ધંધા રોજગાર માગ કરી છે.


શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત

કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર

Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

વીજળીના બિલને કરો (0)

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


## પત્નીના આડા સંબંધની શંકામાં ઘરજમાઈ પતિએ પત્નીની હત્યા કરી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૬ ।

વડોદરામાં પ્રેમલગ્નના ૩ વર્ષમાં જ પતિએ પત્નીની હત્યા કરી નાંતા ચકચાર મચી છે. પ્રાથમિક તપાસમાં પત્નીના આડા સંબંધની શંકાને પગલે તેણે આ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું છે. પત્ની પ્રાઈવેટ કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતી હતી. જેના આડાસંબંધ હોવાની આશંકા રાખી ટ્રક ડ્રાઈવર પતિ અવારનવાર ઝઘડા કરતો રહેતો હતો. આ આશંકાના કારણે જ ડ્રાઈવર પતિએ રાત્રિના સમયે ઊંઘી રહેલી પત્નીને ગળેટૂંપો આપી હત્યા નિપજાવી હોવાનું સામે આવ્યું છે. પત્નીની હત્યા નિપજાવી તેને પહેરેલા દાગીના ઉતારી ફરાર થયેલા પતિને પોલીસે ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.વડોદરા શહેરના ન્યુ સમા રોડ પર આવેલ ડિફેન્સ કોલોની-૨માં રહેતા શ્રીધર પૂજારીની દીકરી પૂર્ણિમા પૂજારીએ ત્રણ વર્ષ પહેલાં મનજિતસિંગ ધિલ્લોન સાથે લવ વિથ અરેન્જ મેરેજ કર્યા હતાં.

## ભાવનગરમાં બે સગીરોના કપડા કાઢી સૃષ્ટી વિરુદ્ધનું કૃત્ય કરાયું

। પ્રતિનિધિ,ભાવનગર,તા.૧૬ ।

ભાવનગર જિલ્લાના સિહોર ખાતે સામે આવેલી એક ઘટનાએ ભારે ચકચાર મચાવી છે. આજના આધુનિક સમયમાં બાળકો મોબાઈલ અને એમાં પણ ખાસ સોશિયલ મીડિયાનો વધુ પડતા દૂરૂપયોગના કારણે કુમળી વયના બાળકોના માનસ પર વિકૃત અસર થઈ રહી છે, જેના કારણે બાળકો ક્યારેક એવું કૃત્ય કરી બેસે છે, કે જેમાં તેનું જીવન બરબાદ થઈ શકે છે. સિહોર શહેરમાં સામે આવેલી ઘટના જેમાં ઈન્સ્ટાગ્રામ પર સિહોરના બે સગીર બાળકોને ૯ જેટલા અન્ય બાળકો ધાકધમકી અને મારમારી, કપડા ઉતરાવી અશ્લીલ હરકતો સાથે દુષ્કર્મ કરાવી તેનો વિડીયો વાયરલ કર્યો હતો. અને સમગ્ર ઘટના બહાર આવી હતી. જેમાં સગીર વયના બે બાળકો સિહોરના રાજીવનગર નજીકના અવાવરું વિસ્તારમાં રમતા હોય ત્યારે ૬ સગીર અને ૩ પુખ્ત વયના બાળકોએ આવી 'તમે અહીં શુ કરો છો'

### ૧૯૬૬ પછી પહેલી વખત આ ક્ષેત્રમાં આવી વિકરાળ મંદી જોવા મળી

# છ દાયકા બાદ હીરા ઉદ્યોગે આટલી ભયંકર મંદી જોઇ । પોલિશ્ડ ડાયમંડની નિકાસ ૪૦ ટકા ઘટી

**ક્રિસમસ ઉપર પણ વેપાર નહીંવત, સૌથી કફોડી હાલત રત્નકલાકારોની થઇ હોવાનો ઉદ્યોગકારોનો એકરાર**

। પ્રતિનિધિ,સુરત, તા.૧૬ ।

સુરતના હીરા ઉદ્યોગે છ દાયકા બાદ આટલી ભયંકર મંદી જોઈ છે. પોલિશ્ડ ડાયમંડની નિકાસ ૪૦ ટકા ઘટી ગઈ છે. જ્વેલરીની નિકાસ પણ સતત ઘટી રહી છે. છેલ્લા ૫૮ વર્ષમાં ક્રિસમસ ઉપર પણ આટલો ઓછો વેપાર જોવા મળ્યો છે. ૧૯૬૬ પછી પહેલી વખત આ ક્ષેત્રમાં આવી વિકરાળ મંદી જોવા મળી છે, જ્યાં ક્રિસમસના પર્વ પર પણ બજાર નબળું રહ્યું છે. આ આખી સ્થિતિમાં સૌથી વધારે કપરી સ્થિતિ રત્નકલાકારોની થઈ હોવાનો હીરા ઉદ્યોગકારોએ એકરાર કર્યો છે. રત્નકલાકારોની આવક લગભગ અડધી થઈ ગઈ છે. ત્રણ વર્ષ પહેલાં જે કટિંગ અને પોલિશ્ડ ડાયમંડની જે નિકાસ થતી હતી તે પણ સાવ ઘટી ગઈ છે. હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગપ





તિ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, આમ તો છેલ્લે વર્ષ ૨૦૦૮માં પણ હીરા ઉદ્યોગે મંદીનો માર વેઠ્યો હતો. જોકે, આવી ભયંકર મંદી છેલ્લે વર્ષ ૧૯૬૬માં જોવા મળી હતી. ૧૯૬૬ પછી આવી તીવ્ર મંદી છેલ્લાં ત્રણ વર્ષથી જોવા મળી રહી છે. આની પાછળ મુખ્ય વૈશ્વિક પરિબળો પણ કારણભૂત છે. યુક્રેન-રશિયાના યુદ્ધના કારણે, રશિયા ઉપર લાદવામાં આવેલા જી૭ દ્વારા પ્રતિબંધો અને અમેરિકાની અંદર મંદીનો માહોલ તેમજ ફુગાવાનો ઊંચો દર મુખ્ય કારણો તો છે જ. ઉપરથી ચીનમાં પણ કોરોના પછી જે પ્રમાણેની પરિસ્થિતિ છે તેના કારણે હજી ત્યાંનું માર્કેટ પહેલાં જેવું ખુલ્યુ નથી. વૈશ્વિકસ્તરે કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડ હોય કે ડાયમંડ જ્વેલરી હોય, તેની ૭૦થી ૭૫ ટકા ખપત અમેરિકામાં થાય છે. અમેરિકામાં પણ કોરોના પછી ફુગાવાનો દર ખૂબ ઊંચો રહ્યો છે. હજી ત્યાં ડિમાન્ડ નથી નીકળતી. આની સીધી અસર ભારતના અને ખાસ કરીને ગુજરાતના ડાયમંડ કટિંગ પોલિશિંગ ઈન્ડસ્ટ્રી ઉપર પડી છે. તેમણે એકરાર કર્યો હતો કે, મંદીના કારણે રત્નકલાકારોને સીવીડી ડાયમંડ અને એચડીએફસીમાં કામ તો મળે છે, પરંતુ તેમની માસિક કમાણી ઓછી થઈ છે. ઉદાહરણ તરીકે કોઈ રત્નકલાકાર ૩૫,૦૦૦ કમાતો હતો તો હાલમાં તેની આવક ઘટીને માત્ર ૧૫થી ૨૦ હજાર થઈ છે. તેનું તો બજેટ જ સાવ ખોરવાઈ ગયું છે. તેમના માટે બાળકોના શિક્ષણ, મકાન ભાડું, લાઈટ બિલ, આરોગ્યની નાનીમોટી તકલીફ હોય તો તેને પહોંચી વળવું મુશ્કેલ બન્યું છે. તેમણે ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છડાયમંડ ઉદ્યોગના અગ્રણીઓ આ અંગે કહે છે કે, આ પ્રકારની સ્થિતી પાછળ મુખ્ય ત્રણ કારણ લાગે છે. પહેલું યુરોપ અને અમેરિકા જેવાં મોટાં બજારોમાં મોંઘવારી અને મંદીનું પ્રતિબિંબ ડિમાન્ડ પર પડ્યું છે. બીજું ચીન અન્ય બજારો સામેની સ્પર્ધામાં અન્ય દેશોમાં ડાયમંડ પ્રોસેસિંગ માટે સસ્તી મજૂરી અને સુધારેલા મશીનરી ઉપકરણો ઊભાં થયાં છે અને ત્રીજું મટીરિયલની વધતી કિંમત અને કાર્યક્ષમતા માટે મશીનરી પર વધારે ભારણ ઉદ્યોગના મૂડીખર્ચમાં વધારો જેવા સ્થાનિક પરિબળો પણ તેમાં ઉમેરાયા છે.

## વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી, સરદાર બાગમાં ચંદન ચોરોનો આતંક

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૬ ।

મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીમાં પુષ્પારાજનો આતંક જોવા મળ્યો છે. અગાઉ ૨ દિવસ પહેલા ચોરોએ હેડ ઓફિસ પાછળ ૨ ચંદનના ઝાડની તસ્કરી કરી હતી. હવે વધુ ૩ ઝાડ કાપી ચોરીનો પ્રયાસ કર્યા હોવાનું સામે આવ્યું છે. તેમજ વૃક્ષોની સુરક્ષા અંગે પણ સવાલો ઉઠ્યા છે. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. તેમજ સરદારબાગમાંથી પણ ૧ વૃક્ષની ચોરી થતા ખળભળાટ મચી ગયો છે.એમ એસ યુનિવર્સિટીમાં ચંદનનાં અંદાજે ૪૦૦થી વધુ ઝાડ વાવવામાં આવ્યા છે. બોટની વિભાગમાં પહેલા પણ ચોરીના પ્રયાસો થયા છે. યુનિવર્સિટીની હેડ ઓફિસ પાછળ રાત્રિના સમયે ચંદનનાં ૨ વૃક્ષને લોખંડની જાળી હોવા છતાં આધુનિક સાધનો વડે વચ્ચેથી કાપીને તસ્કરો ચોરી કરી ગયા હતા. એવું પણ જણાઈ રહ્યું છે કોઈ જાણભેદું તસ્કરીમાં સામેલ છે. માહિતી પ્રમાણે અગાઉ પણ યુનિવર્સિટીમાં ચંદનના ઝાડની ચોરી કરવામાં આવી છે.યુનિવર્સિટીમાં સફળતા ન મળતા ચોરો હવે મ્યુનિસિપાલિટી હસ્તગત સરદાર બાગમાં ચંદનના ૧ વૃક્ષની ચોરી કર્યાનું જાણવા મળ્યું છે. અહીં ૨૦થી વધુ ચંદનના વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે. ચોરીની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ સઘન તપાસ હાથ ધરી છે.

### એકસાથે નવ શહેરોમાં દરોડા પાડેલા

# રાજ્યમાં જીએસટી વિભાગના મોટાપાયે દરોડા । ૨૦૦ કરોડની કરચોરી પકડાઈ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૬ ।

રાજ્યમાં સ્ટેટ જીએસટી કમિશને એકસાથે નવ શહેરોમાં પાડેલા દરોડામાં ૨૦૦ કરોડ રૂપિયાની કરચોરી પકડાઈ છે. સ્ટેટ જીએસટી કમિશને અમદાવાદ ઉપરાંત ફિરોઝાબાદ, જામનગર, રાજકોટ સહિતના નવ શહેરોમાં દરોડા પાડ્યા છે. સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા એકસાથે ૨૫ સ્થળોએ કાર્યવાહી કરવામાં આવી છે.અમદાવાદમાં પણ જીએસટીએ સ્ક્રેપ ડીલરને ત્યાં દરોડા પાડ્યા છેઅને તેને ત્યાંથી અનેક દસ્તાવેજ જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત જામનગર અને રાજકોટમાં તેલના વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. કરચોરીની તપાસ હજી પણ ચાલુ છે અને આ આંકડો હજી



પણ વધી શકે છે. અધિકારીઓએ બનાવટી ખરીદ બિલ અને વેચાણ દસ્તાવેજ જપ્ત કર્યા છે.સ્ટેટ જીએસટી વિભાગે રાજ્યના નવ શહેરોમાં ૪૩ વેપારીઓને ત્યાં દરોડા પડ્યા છે. તેમા વેડિંગ ગારમેન્ટ ઈન્ડસ્ટ્રી પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. જામનગર અને રાજકોટના તેલના વેપારીઓને ત્યાં દરોડાના પગલે કરચોરીની રકમનો વધી શકે છે. તેમજ નકલી ખરીદ બિલ અને વેચાણ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. બેઝ ઓઈલની આયાતમાં મોટી કરચોરીની શક્યતા છે.રાજ્યના ૯ શહેરોમાં ૪૩ જિલ્લાના રેસ્ટોરન્ટ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યના વેપાર વિભાગ દ્વારા રાજ્યભરમાં દરોડા પાડવામાં આવ્યા છે.

## ઉત્તરાયણ પહેલા દોરીએ વડોદરામાં વધુ એકનો જીવ લીધો!

। પ્રતિનિધિ, વડોદરા,તા.૧૬ ।

ઉત્તરાયણ પહેલા દોરીને કારણે વધુ એક યુવાનનું મોત નીપજ્યું છે. સોમા તળાવ પાસે ગળામાં પતંગનો દોરો ભરાઈ જતાં બાઈક સવાર ફૂડ ડિલિવરી બોયનું મોત નીપજ્યુ છે. જેના કારણે પરિવારનો માળો વિખરાઈ ગયો છે. આ યુવાનના બે નાના બાળકોએ પિતાનો આશરો ગુમાવ્યો છે. હાલ પરિવારમાં આઘાત અને શોક ફેલાઈ ગયો છે.આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, છોટાઉદેપુર જિલ્લાનો યુવાન હરિનાથ રાઠવા વડોદરાના દંતેશ્વરમાં રહીને નોકરી કરતો હતો. ફૂડ ડિલીવરી બોય તરીકે નોકરી કરતો યુવક રવિવારે બપોરે પોણા બાર વાગ્યે બાઈક લઈને ડભોઈ રોડ પરથી પસાર થતો હતો. તે દરમિયાન પતંગની દોરી ગળામાં ફસાતા તેઓ લોહીલુહાણ હાલતમાં પડી ગયા હતા. આ ઈજાગ્રસ્તને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો.માહિતી મળી રહી છે કે, છોટાઉદેપુરના કવાંટના મોરગણા ગામમાં રહેતો માત્ર ૨૭ વર્ષનો યુવાન હરિનાથ હસમુખભાઈ રાઠવા ખાનગી કંપનીમાં નોકરી કરે છે.

## ગુજરાતમાં પ્રથમ વખત આયાતી કોલસાની ચોરીનું રેકેટ ઝડપાયું

। પ્રતિનિધિ, સુરત, તા.૧૬ ।

ગુજરાતમાં પ્રતિબંધિતી પ્રવૃત્તિઓને અટકાવવા માટે સ્ટેટ મોનિટરીંગ સેલ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા આવી જ કડક કાર્યવાહી સુરતમાં હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં પ્રથમ વખત આયાતી કોલસાની ચોરીનું રેકેટ ઝડપી પાડવામાં એસએમસીને મોટી સફળતા મળી છે. જો સમગ્ર ઘટનાની વાત કરીએ તો સ્ટેટ મોનિટરીંગ સેલે બાતમીના આધારે કામરેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આયાતી કોલસાની ચોરીનું રેકેટ ઝડપી પાડ્યુ હતી.એસએમસીએ અલગ અલગ ટીમે ત્રણ આરોપીની ધરપકડ કરી છે. જેમની પાસેથી ૫૯ ટન આયાતી અને ૮ ટન મિક્ષ કોલસો મળી આવ્યો છે. જ્યારે ૩૫ ટન વેસ્ટ કોલસોનો જથ્થો પણ હાથે લાગ્યો છે. આ ઉપરાંત બે ટ્રક અને રોકડા રૂપિયા એક કાર સહિતનો કુલ ૪૫ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે. એટલુ જ નહીં ચાર લોકોને વોન્ટેડ પણ જાહેર કરવામાં આવ્યા છે.




### મોટા ભાગના લોકો નવા જ છે : સોનુ સૂદ

# હોલિવૂડ ટૂંકુ પડશે, ફતેહની ફતેહ પાક્કી છે.. સોનુ સૂદ સાથે લોક પત્રિકાની વિશેષ મુલાકાત

## ફતેહના બોક્સ ઓફિસ કલેક્શનને વૃદ્ધાશ્રમો અને અનાથાલયોને દાન કરશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૬ ।

સોનુ સૂદની ફિલ્મ ફતેહનું ઉત્તેજક ટીઝર લોન્ચ કરવામાં આવ્યું હતું. સોનુએ લોકડાઉન દરમિયાન આ ફિલ્મની જાહેરાત કરી હતી. ફિલ્મનું ટીઝર અને ફાઈટ સિક્વન્સ જોયા પછી તમને જોન વિક અને એનિમલ જેવી હાઈ એક્શન ફિલ્મો યાદ આવી જશે. આ ફિલ્મનું દિગ્દર્શન સોનુએ પોતે જ કર્યું છે. ત્યારે સોનુ સૂદે લોક પત્રિકા સાથે ખાસ આ ફિલ્મ વિશે વાતો કરી હતી.ફતેહનું આ ૧ મિનિટ ૧૮ સેકન્ડનું ટીઝર એક ક્ષણ માટે પણ તમારી નજર ઝૂકવા નહીં દે. જેકલીન ફર્નાન્ડિઝે આ ફિલ્મમાં સોનુના પ્રેમની ભૂમિકા ભજવી છે. જેકલીન પણ સોનુની જેમ એક્શન કરતી જોવા મળી હતી. ત્યારે સોનુ લોક પત્રિકાને જણાવે છે કે આ ફિલ્મ એ દરેક લોકોની પોતાની કહાની છે. મારા જીવનના ઘણા પ્રસંગો પણ મે આ ફિલ્મમાં બતાવવાનો પ્રયત્ન કર્યો છે.મોટા ભાગના લોકો નવા જ છેઃ સોનુ સૂદસોનુ સૂદ ગરીબ લોકોને અને જરૂરિયાત મંદ લોકોને કામ આપવા તેમજ મદદ કરવા માટે જાણીતા છે. ત્યારે આ ફિલ્મમાં કેટલા નવા લોકોને કામ આપવામાં આવ્યું એ વિશે વાત કરતાં તેઓ જણાવે છે કે મોટા ભાગના લોકો નવા જ છે. ગીતના રાઈટર હોય કે પછી મારી ઓફિસની બહાર ઉભેલા લોકો હોય મે બધાને કામ આપવાનો પ્રયાસ કર્યો છે. મને લાગે છે કે નવા લોકોને કામ આપવાથી માત્ર નવું ટેલેન્ટ જ નથી મળતું પણ નવી ઉર્જા અને સંબંધો પણ મળે છે. હાલમાં લોકોને જીવવા માટે પૈસાની સાથે સાથે હિંમત્તની પણ એટલી જ જરૂર છે. હાલમાં જ ૨૦૦૦ રૂપિયા માટે એક સુસાઈડનો કિસ્સો સામે આવ્યો છે. તો આ વસ્તુ ન થાય એટલા માટે પણ નવા અને જરૂરિયાત લોકોને કામ આપવું જરૂરી છે.લોકો ગમે તે રીતે મારી સાથે જોડાય એ મને ગમે છેસોનુ સૂદને લોકો એક્ટર કરતા વધારે ગરીબોના દેવતા તરીકે પણ ઓળખે છે. ત્યારે લોક પત્રિકાએ વાત કરી કે જ્યારે ફતેહ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફતેહ કરશે તો ઘણા લોકો કોમેન્ટ કરશે તે સોનુ સૂદનું મૂવી તો એટલે ચાલ્યું કે તે લોકોની સેવા કરે છે એટલે લોકો એ રીતે ફિલ્મ જોવા ગયા. ત્યારે આ પ્રશ્નનો જવાબ આપતા સોનુ સૂદ જણાવે છે કે તો એમાં વાંધો શું છે. ગમે એ રીતે લોકો મારી સાથે જોડાય અને ફિલ્મ માણે એ જ મારા માટે મહત્વનું છે. ભલે એ સંબંધ એક ફેન તરીકે હોય કે પછી દિલનો કે માનવતાનો સંબંધ હોય. લોકો એકબીજા સાથે જોડાય એ જ મહત્વું છે.ફિલ્મની કમાણી દાન કરશેફિલ્મની કમાણી વિશે જ્યારે વાત આવી ત્યારે સોનુ સૂદે જણાવ્યું કે અભિનેતાએ વધુમાં કહ્યું કે તે એક્શન ફિલ્મ ફતેહના બોક્સ ઓફિસ કલેક્શનને વૃદ્ધાશ્રમો અને અનાથાલયોને દાન કરશે.




### હવે વિયેટનામ જતા ગુજરાતીઓને જૈન અને ગુજરાતી જમવાનું મળશે

# અમદાવાદના બે બિઝનેસમેનોએ વિયેટનામમાં અને યુકેમાં ગુજરાતનું નામ રોશન કર્યુ !!

। મહેસાણા, તા.૧૫ ।

અમદાવાદના બે જાણીતા બિઝનેસમેન ચિરંજીવ પટેલ અને માધુપુરા મસાલા માર્કેટ ના વેપારી હિરેન ગાંધીએ વિદેશમાં તેમનું નામ રોશન કર્યું છે ચિરંજીવ પટેલ એક સફળ બિઝનેસમેનની સાથે અમદાવાદ સીટી બેઝ આંતર પેન્યોર પણ છે અને તાજેતરમાં જ એડવાઈઝર ફોર સાઉથ રીજીયન કોમનવેલ્થ યુથ સ્પોર્ટ્સ ફોર ડેવલોપમેન્ટ એન્ડ પીસમાં નિમણૂક કરાઈ છે તેઓ તેમની સેવાનો પૂરો લાભ આપશે અને ડેપ્યુટી ચીફ ઓફ કોમનવેલ્થ ના સેક્રેટરીએટ દ્વારા યુકેના હેડક્વાર્ટર માં તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું તેઓ તેમની સેવાનો પૂરો લાભ આપશે અને સન્માન કરવા બદલ આભાર પણ વ્યક્ત કર્યો હતો અને તેમણે જણાવ્યું કે આ એક મોટી જવાબદારી છે અને આ જવાબદારી હું નિષ્ઠાપૂર્વક નિભાવીશ. ચિરંજીવ પટેલે યુકેના તેમના પ્રવાસ દરમિયાન હેનલી બિઝનેસ સ્કૂલમાં મુખ્ય પ્રવક્તા તરીકેનું પણ આમંત્રણ મળ્યું હતું તેમણે ભારતના ઉદ્યોગ સાહસિકો વિશે વિદ્યાર્થીઓને માહિતી પણ આપી હતી. દેશ વિદેશમાં તેઓ હંમેશા



પ્રવચન આપવા માટે જતા હોય છે અને તેમના પ્રસન્નશકોમાં સૌથી વધારે વિદ્યાર્થીઓ છે.. અમદાવાદના માધુપુરા મસાલા માર્કેટના જાણીતા વેપારી અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ની ફૂડ કમિટીના પૂર્વ ચેરમેન હિરેન ગાંધીને વિયટનામની રાજધાની હનોઈમાં રેસ્ટોરન્ટ હોટલ અને રિસોર્ટ ના ચેન માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે હવે વિયટનામ પ્રવાસે જતા ગુજરાતીઓને અને સ્થાનિક લોકોને પણ જૈન ઉપરાંત ગુજરાતી જમવાનું મળશે ગુજરાતી ફૂડ ની સાથે દર રવિવારે પ્રવાસીઓને ગુજરાતી સાંસ્કૃતિક કાર્યક્રમો અને મંદિરોની વિશેષ પ્રસ્તુતિ જોવાનો પણ અવસર મળશે . હિરેન ગાંધીના સહયોગથી ભારત અને વિવેક નામના વચ્ચે વેપાર પણ વધશે અને તે ઉદેશીને વિવિધ વ્યાપારિક બેઠકોની વ્યવસ્થા પણ કરાઈ છે.

# સુરતમાં પરીણિત પ્રેમીપંખીડાએ તાપીમાં ઝંપલાવ્યું

। માહિતી બ્યુરો, સુરત, તા.૧૬ ।

સુરતમાં પરીણિત પ્રેમીપંખીડાએમાં ઝંપલાવ્યું હતું. પ્રેમીનો મૃતદેહ સુરતના અડાજણમાંથી મળ્યો હતો. જ્યારે પ્રેમિકાનો મૃતદેહ પાંચ દિવસ બાદ મળ્યો હતો. પરવત પાટિયાથી ભાગીને મગદલ્લા બ્રિજ પરથી ઝંપલાવ્યું હતું. લગ્ન બાદ પણ પ્રેમી પંખીડા પ્રેમને ભૂલી શક્યા ન હતા.ભાગેલા પ્રેમીપંખીડામાં પ્રેમીનો મૃતદેહ ચોથા દિવસે સુરતના અડાજણમાંથી મળ્યો હતો. જ્યારે પ્રેમિકાનો મૃતદેહ પાંચ દિવસ બાદ મળ્યો હતો. સુરતના પરવત પાટિયાથી ભાગીને તેઓએ ઓએનજીસી મગદલ્લા બ્રિજ પરથી ઝંપલાવ્યું હતું.આત્મહત્યા કરનારો યુવક રાકેશ મજૂરીકામ કરીને કુટુંબનું ગુજરાન ચલાવતો હતો. રાકેશને લગ્ન પહેલા વિલાસ સંજય વાઘેલા સાથે પ્રેમ હતો. પ્રેમિકાએ અન્યત્ર લગ્ન કરી લેતા રાકેશ પણ પરણી ગયો હતો. લગ્નના દોઢેક વર્ષ બાદ રાકેશ અને તેની પ્રેમિકા ફરીથી એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. લગ્ન બાદ રાકેશ અને વિલાસ બંને તેમના પ્રેમને ભૂલી શક્યા ન હતા. આમ તેમનો પ્રેમ લગ્ન પછી પણ સંપર્ક થતાં પરવાન ચઢ્યો હતો. પણ તેમને લાગ્યું કે તેઓ ફરીથી એક નહીં થઈ શકે તેના લીધે તેઓએ આત્મહત્યા કરી હતી. સુરતમાં પરીણિત પ્રેમીપંખીડાએમાં ઝંપલાવ્યું હતું. પ્રેમીનો મૃતદેહ સુરતના અડાજણમાંથી મળ્યો હતો. જ્યારે પ્રેમિકાનો મૃતદેહ પાંચ દિવસ બાદ મળ્યો હતો.






## તંત્રી લેખ..

# ભારતનુ મહત્વ વધ્યુ

પહેલાની સરખામણીમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ખાસ કરીને કોરોના કાળમાં ભારતનું મહત્વ વધી ગયુ છે. ભારતે ૧૦૦ વર્ષની સૌથી મોટી મહામારીમાં જે રીતે કામગીરી કરી તેના કારણે દુનિયાના દેશો હેરાન છે અને ખુશ પણ છે. સાથે સાથે ઈસ્લામિક દેશોમાં પણ ભારતનુ મહત્વ વધ્યુ છે. ભારતનુ મહત્વ વધવા માટે કેટલાક કારણને જવાબદાર ગણવામાં આવે છે. વડાપ્રધાન તરીકે મોદીએ જવાબદારી સંભાળી લીધા બાદથી વર્ષ ૨૦૧૪ પછી ઈસ્લામિક દેશોમાં ભારતને લઈને વલણ બદલાયુ છે. મોદીએ તમામ ઈસ્લામિક દેશો સાથે નજીકના સંબંધ સ્થાપિત કર્યા છે. તેમને વિશ્વાસમાં લઈને મોદી આગળ વધી રહ્યા છે. આ ઉપરાંત મોદીએ તેમના લીડરો સાથે અંગત સંબંધ પણ સ્થાપિત કર્યા છે. આજ કારણ છે કે ઈસ્લામિક દેશો પણ ત્રાસવાદ સામેની લડાઈમાં ભારતની સાથે ઉભેલા દેખાય છે.વૈશ્વિક સ્તર પર ભારતની આજે પ્રતિષ્ઠા શુ છે તે બાબતની સાબિતી હાલમાં ઈસ્લામિક રાષ્ટ્રોની બેઠકમાં મળી ગઇ હતી. કોઇ સમય એવો હતો જ્યારે પાકિસ્તાનની બોલબાલા આમાં જોવા મળતી હતી. પાકિસ્તાને કોઇ સમય બેઠકમાં હાજરી ન આપવા માટેની માત્ર વાત કરીને ભારતની એન્ટ્રીને રોકાવી દીધી હતી. આજે સ્થિતી બદલાઇ ગઇ છે. આજે ઈસ્લામિક રાષ્ટ્રોમાં પણ પાકિસ્તાનનુ મહત્વ રહ્યુ નથી. જેની સાબિતી વર્તમાન બેઠકથી મળી ગઇ છે. ઈસ્લામિક રાષ્ટ્રોની બેઠકમાં ભારતને પ્રથમ વખત ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. પાકિસ્તાનને આ અંગે જાણ થયા બાદ ભારતની એન્ટ્રી રોકવા માટે તમામ પ્રયાસો કર્યા હતા. અંગત સંબંધોની વાત પણ કરવામાં આવી હતી. જો કે પાકિસ્તાનની કોઇ વાત ઈસ્લામિક દેશોએ સાંભળી ન હતી. પાકિસ્તાને ભારતની એન્ટ્રીને રોકવા માટે બેઠકનો બહિષ્કાર કરવાની ધમકી પણ આપી હતી. જો કે તેની કોઇ નોંધ લેવાઇ ન હતી.ઈસ્લામિક દેશોમાં ભારતના વધતા વિશ્વાસની બાબતને પણ આ હાજરી સાબિત કરે છે.પાકિસ્તાનના તમામ પ્રયાસો છતાં ઓઆઈસીની બેઠકમાં ભારતને આપવામાં આવેલું આમંત્રણ રદ કરવામાં આવ્યું ન હતું. મોદી સતત બીજી અવધિ માટે પ્રચંડ બહુમતિ સાથે ચૂંટાઇ આવ્યા બાદ ત્રણ વર્ષ પછી આગામી દિવસોમાં ઈસ્લામિક દેશો સાથે તેમના સંબંધ વધારે મજબુત રહેનાર છે. મલેશિયા સહિતના દેશો ભારત સાથે વેપાર કારોબારને વધારી દેવા માટે તૈયાર છે. સાઉદી દ્વારા જે રીતે મંદિરના મામલે ભારતની વાત સ્વીકારી હતી. તે બાબત પણ ભારતના કદને સાબિત કરે છે. સાઉદીમાં રહેતા ભારતીય લોકોની સુરક્ષા અને અન્ય પાસાઓને લઈને પણ હવે આ દેશો વધારે સારા પગલા લઈ રહ્યા છે. ભારતીય નાગરિકો માટે નોકરીના માહોલને સરળ બનાવી રહ્યા છે. સાથે સાથે અપરાધીઓને લઈને પણ ભારતની પુરતી મદદ આ ઈસ્લામિક દેશો દ્વારા કરવામાં આવી રહી છે. આ તમામ બાબતો સાબિત કરે છે કે ભારત હવે ઈસ્લામિક દેશોમાં પણ તેના પ્રભાવને વધારી દેવા માટે કટિબદ્ધ છે.

# વાયરલ ફિવર વાયરસ વધુ તાકતવર

હાલના દિવસોમાં વાયરલ ફિવરના વાયરસ વધારે શક્તિશાળી બની રહ્યા છે. જેના કારણે તેની સારવાર બાદ પણ વ્યક્તિને સ્વસ્થ થવામાં વધારે સમય લાગી રહ્યો છે. તબીબો પણ આ બાબતની કબુલાત કરી રહ્યા છે. એમ તો સામાન્ય રીતે બદલાતી સિઝનમાં વાયરલ બિમારી પોતાની રીતે જ ઠીક થઈ જાય છે. પરંતુ તબીબોની બાબતમાં વિશ્વાસ કરવામાં આવે તો કેટલાક દર્દી ૩-૪ દિવસબાદ પણ સ્વસ્થ થઈ રહ્યા નથી. આ સંબંધમાં પુછવામાં આવતા ગંગારામ હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબો કહે છે કે ફિવર ગળામાં પીડા અને વાયરલના બીજા લક્ષણોના કારણે કોઈ એક નહીં બલ્કે એક કરતા વધારે વાયરસ હોય છે. આ બાબતની આશંકા વધારે રહેલી છે કે આ વખતના વાયરલ ઈન્ફલુએન્જા એ વાયરસના કારણે વધારે થાય છે. આ વાયરસ ખુબ જ ખતરનાક, ગંભીર અને પ્રભાવી છે. આ વાયરસના કારણે દર્દીઓમાં ફિવર વહેલી તકે ઠીક ન થતા તેની ચર્ચા જોવા મળી રહી છે. તબીબોની વાત પણ વિશ્વાસ કરવામાં આવે તો બાળકો, મોટી વયના લોકો વધારે સાવધાન રહે તે જરૂરી છે. નીંદ પુરી ન થવાની સ્થિતીમાં પણ વાયરલ બિમારી થઈ શકે છે. ૩-૪ દિવસ સુધી તાવ ઠીક ન થાય તો તરત જ તબીબોની પાસે પહોંચી જઈને માહિતી મેળવી જોઈએ. સાથે સાથે તબીબોના સુચન મુજબના રિપોર્ટ કઢાવવા જોઈએ. સામાન્ય રીતે તો જે લોકોને વધારે જોખમ રહે છે તે લોકોને વેક્સીન લેવાની જરૂર હોય છે. વાયરલ ફિવરની અસર તેના રોગના આધાર પર થાય તે જરૂરી છે. દિલ્હી અને એનસીઆર જેવા વિસ્તારોમાં વાયુ પ્રદુષણ વાયરલ બિમારી ફેલાવી દેવામાં ભૂમિકા અદા કરે છે. વાયરલના અનેક લક્ષણો રહેલા છે. જેમાં સામાન્ય રીતે રોગની માહિતી મળી જાય છે. જેમ કે વાયરલના લક્ષણોમાં સૌથી પહેલા તો તાવની અસર જોવા મળે છે. ગળામાં દુખાવો પણ રહે છે. ડાયરિયા અને ઉલ્ટી થવાના કેસો બને છે. પેટમાં દુખાવો પણ રહે છે. તબીબોની વાત પણ વિશ્વાસ કરવામાં આવે તો બાળકો, મોટી વયના લોકોમાં ડાયાબિટીસ અને હાર્ટના દર્દીઓને વધારે સાવધાની રાખવાની જરૂર હોય છે. આ વાયરસ બેની જેમ માનવીના શરીરમાં પ્રવેશ કરી જાય છે. એક તો હવા મારફતે બીજા વાયરસ ઈન્ફેક્શન ગ્રસ્ત ભોજન અથવા તો પાણીના કારણે થાય છે. કોમન કોલ્ડ, ફ્લુ અને શ્વાસ સાથે જોડાયેલા અન્ય કેટલાક રોગ પણ ઈન્ફેક્શન હવાના કારણે ફેલાય છે. જ્યારે કોઈ વ્યક્તિ ખાંસી ખાય છે અને છીંકો ખાય છે ત્યારે હવામાં વાયરસ ફેલાઈ જાય છે. જ્યારે કોઈ વ્યક્તિ એ ઈન્ફેક્શનગ્રસ્ત હવાને શ્વાસ મારફતે શરીરની અંદર લે છે ત્યારે તે શરીરમાં અંદર પ્રવેશ કરી જાય છે.



### કોરોનાકાળથી બોધપાઠ લઇને પ્રાથમિકતા આપવાની જરૂર છે....

**આરોગ્યને પ્રાથમિકતા આપી દેવાની જરૂર છે જુદી જુદી જીવલેણ બિમારીને રોકવા માટે પગલા જરૂરી છે કોરોના વાયરસના કારણે અનેક નવી બાબતો સપાટી પર આવી રહી છે જેનાથી શીખીને આગળ વધવાની જરૂર છે**

# તબીબી સાધન પર ખાસ ધ્યાન જરૂરી

**કોરોના સહિત જુદા જુદા જીવલેણ રોગની સારવાર ઝડપથી શક્ય બની શકે તે પ્રમાણમાં પુરતા ટેસ્ટ સાધનો, દવા તૈયાર કરવાની જરૂર છે**

આરોગ્યના ક્ષેત્રમાં વધુ ઝડપથી કામ કરવાની જરૂર છે. કોરોના વાયરસના કારણે એક બાબત તો ઉભરીને આવી ચુકી છે કે ભારતમાં મર્યાદિત તબીબો સાધનો રહેલા છે. આ સાધનોને વધુ પ્રમાણમાં અતિ ઝડપથી વિકસિત કરવાની જરૂર દેખાઇ રહી છે. કોરોના બાદ હવે દુનિયાના દેશો આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા લાગી ગયા છે. અમેરિકા સહિતના દેશો આના પર વધારે ધ્યાન આપી રહ્યા ન હતા. પરંતુ હવે સ્થિતી બદલાઈ ગઈ છે. કોરોના જેવી જીવલેણ બિમારી અને અન્ય તકલીફોની સારવાર ઝડપથી શક્ય બને તેવી સ્થિતી રહેલી છે. આરોગ્યને પ્રાથમિકતા આપી દેવાની જરૂર છે. જુદી જુદી જીવલેણ બિમારીને રોકવા માટે પગલા જરૂરી છે. કોરોના વાયરસના કારણે અનેક નવી બાબતો સપાટી પર આવી રહી છે. જેનાથી શીખીને આગળ વધવાની જરૂર છે. વધુ પ્રમાણમાં ટેસ્ટ વ્યવસ્થા માટે લેબ, હોસ્પિટલો અને અન્ય સુવિધા વિકસિત કરવાની જરૂરછે. તબીબોને યોગ્ય ટ્રેનિંગની પણ જરૂર છે. વધુ પ્રમાણમાં તબીબોની જરૂરીયાત દેખાઈ રહી છે. આરોગ્ય ક્ષેત્રને મોદી સરકાર આવ્યા બાદ વધુ ધ્યાન આપીને નાણાં આપી રહી છે પરંતુ જે રીતે કોરાના



કારણે સ્થિતી ઉભી થઈ છે તે જોતા સર્વોચ્ચ ધ્યાન હવે આરોગ્ય પર આપવામાં આવે તે જરૂરી છે. આવનાર સમયમાં પણ તબીબી ચીજવસ્તુઓને વધુ સસ્તી બનાવવામાં આવે તે દિશામાં પહેલ થઈ રહી છે. સસ્તા વિકલ્પો કયા છે તે ઉપર સતત વિચારણા ચાલી રહી છે. મેડિકલના સાધનો અને દવાઓને લઈને ઘણા સમયથી ચર્ચા છે કે આ તમામને ગરીબ અને મધ્યમવર્ગના લોકોને પોષાય તે સ્તરે લાવવામાં આવે અને આ દિશામાં ઘણી પહેલ પણ થઈ ચુકી છે. હવે સરકાર તબીબી સાધનની કિંમતોને મર્યાદિત કરે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. આ તમામ બાબતોની નોંધ લઈને હવે નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈઝીંગ ઓથોરિટીએ જહોનસન એન્ડ જહોન્સન, જીમમેર અને સ્ટ્રેકર જેવી મહાકાય કંપનીઓને કેટલીક સ્પષ્ટ સૂચનાઓ આપી દીધી છે. આ સૂચનાઓને પાળવાની દિશામાં કંપનીઓ આગળ પણ આવી રહી છે. સામાન્ય લોકોને પોષાય તે કિંમતે તબીબી સુવિધા મળે તે દિશામાં પણ ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. વર્તમાન સમયમાં આ પ્રકારના તબીબી સાધનો પર કોઈ પણ કિમત મર્યાદા નક્કી કરવામાં આવી નથી. આનો મતલબ એ થયો કે જુદી જુદી હોસ્પિટલો દ્વારા જુદા જુદા ચાર્જ લેવામાં આવે છે. પરિસ્થિતિ મુજબ લાભ ઉઠાવવામાં આવે છે. પરંતુ હવે એમપીપીએ દ્વારા કમર કસી લેવામાં આવી છે અને કહેવામાં આવ્યુ છે કે કંપનીઓને છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં તેમના દ્વારા અમલી કરવામાં આવેલી કિંમતોમાં વધારાની તમામ માહિતી આપવામાં આવે. સરકારે પણ કાર્ડિયાક સ્ટેન અને ઈમ્પ્લાન્ટ જેવા તબીબી સાધનો માટે ભાવ મર્યાદા નક્કી કરવાની દિશામાં પહેલ કરી છે. કારણ કે આ પ્રકારની ચીજવસ્તુઓ ખૂબ મોંઘી પડે છે. સરકાર એવી ખાતરી કરવા પણ ઈચ્છે છે કે આ સાધનમાં કિંમતમાં વધારો વાર્ષિકરીતે ૧૦ ટકાથી પણ ઓછો હોવો જોઈએ. ઉપરાંત આ સાધનો ડ્રગ્સ એન્ડ કોસ્પમેટિક એક્ટ હેઠળ આવી જવા જોઈએ. આ બિમારીઓની દવાઓ પણ ભાવ નિયંત્રણ હેઠળ આવવી જોઈએ. માત્ર ૧૦ ટકાથી વિશેષ વધારે ઝુકવાની સ્થિતિમાં કંપનીઓ સામે પગલા લેવામાં આવે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. ભારતમાં સામાન્યરીતે હીપ અને ઘૂટણના ઈમ્પ્લાન્ટનો ખર્ચ સરેરાશ ૫૦થી ૯૦ હજારની આસપાસ આવે છે. આમાં પણ ઉપયોગ કરવામાં આવેલા ઈમ્પ્લાન્ટના ટાઈપ ઉપર આ બાબત આધારિત રહે છે. ઈમ્પ્લાન્ટ કિંમતી અને સસ્તા તેના પણ વિકલ્પ રહે છે. આ બાબત નોંધનીય છે કે ભારતમા બીજી વખત એનપીપીએ દ્વારા મહત્તમ રિટેલ કિંમતો અથવા તો એમઆરપી જેવા ડેટા આપવા મેડિકલ સાધનો બનાવતી કંપનીઓને સૂચના આપવામાં આવી છે.



### નાગરિકોને શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા આપવાનો પડકાર છે

**વાયુ પ્રદુષણની સાથે લોસએન્જલસની આ લાંબી લડાઇની માત્ર શરૂઆત હતી શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે**

# વાયુ પ્રદુષણ સંકટનો પણ ઉકેલ છે

**જો અમેરિકાના અનુભવને લઇને શીખી શકીશુ તો જે સિદ્ધી હાંસલ કરવામાં ૪૦ વર્ષ લાગ્યા તેને ઓછા સમયમાં હાંસલ કરી શકાશે**

બીજા વિશ્વ યુદ્ધના ગાળા દરમિયાન વર્ષ ૧૯૪૩માં એક દિવસે સવારે લોસએન્જલસમાં લોકો ઉઠ્યા ત્યારે તેમની આંખોમાં બળતરા થઈ રહ્યા હતા. હવામાં બ્લીચની અસર જોવા મળી રહી હતી. નજર એટલી કમજોર પડી ગઈ હતી કે કેટલાક દુરના બ્લોક જ દેખાઈ રહ્યા હતા. કેટલાક લોકોને એ વખતે લાગ્યુ હતુ કે શહેર પર હુમલો કરવામાં આવી ચુક્યો છે. ટુંક સમયમાં જ સ્પષ્ટતા કરવામાં આવી કે કોઈ બહારના તત્વના કારણે નહીં બલ્કે કારખાના અને વાહનોના કારણે આ ધુમાડાની અસર જોવા મળી રહી છે. વાયુ પ્રદુષણની સાથે લોસએન્જલસની આ લાંબી લડાઈની માત્ર શરૂઆત હતી. શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે. તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે. જે પ્રદુષણને પોતાની અંદર આવરી લે છે. જો કે તેની પ્રકૃતિ અલગ પ્રકારની રહેલી હતી. વર્ષ ૧૯૪૮માં આવા જ પ્રકારના પ્રદુષણના કારણે પેનસિનલ્વેનિયાના નાના શહેર ડોનોરામાં ૨૦ લોકોના મોત થઈ ગયા હતા. સાથે સાથે આ શહેરની વસ્તી પૈકી અડધી વસ્તી બિમાર થઈ ગઈ હતી. આવી જ રીતે વર્ષ ૧૯૫૩માં છ દિવસ સુધી ન્યુયોર્ક શહેરમાં ટકી ગયેલા સ્મોગના કારણે ૨૩૦ લોકોના મોત થઈ ગયા હતા. દુષિત હવાના કારણે અમેરિકામાં પહેલાથી



જ લોકોના મોત થઈ રહ્યા હતા. પરંતુ વર્ષ ૧૯૫૫માં યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાએ તેના પ્રથમ બંધારણીય વાયુ પ્રદુષણ કાનુન પસાર કરીને નવી લડાઈની શરૂઆત કરી હતી. ત્યારબાદ કોંગ્રેસે ૧૯૭૦માં ક્લીન એર એક્ટ બનાવવામાં ૧૫ વર્ષ બીજા લાગી ગયા હતા. ત્યારબાદ બાજ નજર અને સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા. પરિણામે ૧૯૭૦થી લઈને ૨૦૧૭ સુધી છ સામાન્ય પ્રદુષક તત્વોના કુલ રાષ્ટ્રીય ઉત્સર્જન સરેરાશ ૭૩ ટકા ઘટી જતા તેના સારા પરિણામ હાથ લાગ્યા હતા. આજે અમેરિકા કેટલાક એવા દેશોમાં સામેલ છે જ્યાં હવા દુનિયામાં સૌથી વધારે સ્વચ્છ છે. સમય લાગ્યો પરંતુ એક સાર્થક પરિવર્તનની દિશામાં પગલુ લેવાયુ હતુ. આજે ભારત એજ પડકાર અને સમસ્યાનો સામનો કરે છે જે સમસ્યાનો સામનો અમેરિકાએ ભુતકાળમાં કર્યો હતો. જો ભારત અમેરિકાના અનુભવને લઈને શીખે છે તો તેને ફાયદો થઈ શકે છે. ભારતમાં અમેરિકાના રાજદુત કેનેથ જસ્ટરે કહ્યુ છે કે જે સિદ્ધી હાંસલ કરવામાં અમને ૪૦ વર્ષ લાગ્યા તેને હાંસલ કરવામાં ભારત ઓછા સમયમાં સમસ્યાનો ઉકેલ શોધી શકે છે. માત્ર ઈચ્છાશક્તિ એટલી રાખવી પડશે કે અમને અમારા નાગરિકોને સ્વચ્છ હવા આપવાની છે. મજબુત ઈચ્છાશક્તિ વગર આ સમસ્યા અને પડકારને પાર પાડી શકાશે નહીં. અમે જે બોધપાઠ લઈ ચુક્યા છીએ તે નાના હતા. સૌથી પહેલા તો વૈજ્ઞાનિક સમજદારી વિકસિત કરવાની જરૂર છે. વાયુ પ્રદુષણ કેમ થાય છે તે સમજી લેવાની જરૂર છે. સ્વચ્છ વાયુ બનાવવા કાનુન કઈ રીતે તૈયાર કરવામાં આવે. ટેકનોલોજી પણ આ જ રીતે વિકસિત કરવામાં આવે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ એક લાંબા ગાળાના પડકાર તરીકે છે જેથી આયોજન પણ જરૂરી છે. લોસ એન્જલસના આધાર પર બોધપાઠ લઈ શકાય છે. હવાને સ્વચ્છ કરવાના પ્રયાસો અવિરત જારી રાખવામાં આવી રહ્યા છે. જાણકાર લોકો કહે છે કે સ્વચ્છ હવાના આર્થિક લાભ માત્ર સારા આરોગ્ય અને ઉત્પાદકતા સુધી મર્યાદિત નથી. સ્વચ્છ હવા પેદાશમાં પણ વધારો કરે છે. જેના કારણે ખેડુતો અને વન્ય કર્મચારીઓને ફાયદો થાય છે. તે પ્રવાસ અને મનોરંજન તેમજ સ્વસ્થ જીવન માટે પણ પ્રોત્સાહન આપે છે. ઈપીએના તાજેતરના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્વચ્છ હવા જુદી જુદી રીતે રીતે સીધો ફાયદો કરાવે છે. લોસએન્જલસની હવાની ગુણવત્તા હાલના વર્ષોમાં જે રીતે બગડી ગઈ છે તેના પર વૈજ્ઞાનિક રીતે પૂર્ણ રીતે અંકુશ મુકવાની બાબત સરળ નથી. છતાં હવાની ગુણવત્તા પર નજર રાખવામાં આવી રહી છે. સાથે સાથે આ પડકારને પહોચી વળવાના તમામ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. એવી ધારણા પણ રહેલી છે કે વાયુ પ્રદુષણને ઘટાડી દેવાથી આર્થિક વૃદ્ધિ પર પ્રહાર થાય છે. અમારા અનુભવ આને સમર્થન આપતા નથી. અમેરિકાના સવારી વાહનો વર્ષ ૧૯૬૦ના દશકની કારની તુલનામાં ૯૮થી ૯૯ ટકા વધારે સ્વચ્છ છે. અને હવાની ગુણવત્તામાં સુધારો થઈ રહ્યો છે. જ્યારે પહેલા કરતા વધારે લોકો આજે વાહનો ચલાવી રહ્યા છે. અમેરિકામાં લેવામાં આવી રહેલા પગલાના કારણે કાર અને અન્ય વાહનોના કારણે થનાર પ્રદુષણમાં પણ ઘટાડો થઈ રહ્યો છે.

### પ્રવાહી સ્થિતી વચ્ચે મ્યુચ્યુઅલ ફંડ । ચિંતા : ઉથલપાથલ વચ્ચે રોકાણ ક્યાં કરાય તેની ચિંતા સૌથી મોટી

# મ્યુચ્યુઅલ ફંડ યોગ્ય છે કે કેમ તે અંગેનો ફેસલો તો એ દરેક રોકાણકાર કરી શકે છે જે જોખમ ઉઠાવવાની પોતાની ક્ષમતાને ઓળખી કાઢે છે

મુડીરોકાણકારોની સામે હાલના સમયમાં સામાન્ય રીતે પ્રશ્ન એ થાય છે કે તે પોતાના નાણાંનુ રોકાણ તે ક્યાં કરે જેના કારણે તેની સંપત્તિમાં વધારો થઈ શકે. રિયલ એસ્ટેટમાં કોઈ દમ રહ્યો નથી. શેરબજારમાં પણ હાલમાં પ્રવાહી સ્થિતી પ્રવર્તી રહી છે. કારોબારી વધારે રોકાણ કરવા માટે હિમ્મત કરી રહ્યા નથી. ખરાબ સમયના સાથી તરીકે ગણાતા સોનાની સપાટી હવે એવા સ્તર પર પહોંચી ગઈ છે જ્યાંથી તેની કિંમતમાં ઘટાડો થવાની જ આશંકા વધારે દેખાઈ રહી છે.

ફિક્સ્ડ ડિપોઝીટના દરો પણ હાલમાં આકર્ષિત રહ્યા નથી. સાથે સાથે પાકતી રકમ પર ટેક્સ પણ લાગુ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં માત્ર મ્યુચ્યુઅલ ફંડ જ રહી જાય છે. જેનો પ્રચાર હાલમાં જોરદાર રીતે કરવામાં આવી રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ સહી હે તે સ્લોગન હાલમાં ચારેબાજુ જોવા મળે છે. મોટા ભાગના લોકો એમ વિચારીને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં લગાવી




દે છે કે હકીકતમાં ફંડ મેનેજર એવા શેરમાં અથવા તો ડેટમાં પૈસા લગાવી રહ્યા હશે જેમના કારણે તેમને ખુબ વધારે ફાયદો થશે. મ્યુચ્યુઅલ ફંડ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) ખાતામાં સમગ્ર દેશમાંથી આશરે ૨.૨૯ લાખ કરોડ રૂપિયા લગાવી દેવામાં આવ્યા છે. એકલા જુન મહિનામાં જ ૭૫૫૬ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. જે રકમ દર્શાવે છે કે મ્યુચ્યુઅલ ફંડમાં હાલમાં સમયમાં કેટલા મોટા પાયે રોકાણ કરવામાં આવી રહ્યુ છે. ભલે રોકાણના આ માધ્યમની લોકપ્રિયતા હાલમાં આસમાન પર છે પરંતુ આ કડવી વાસ્તવિકતાને નજર અંદાજ કરી શકાય નહીં કે તેમા પણ તમામ પ્રકારના જોખમ રહેલા છે. કેટલાક ફંડ નુકસાનમાં પણ પહોંચી ચુક્યા છે. હકીકતમાં ભારતમાં રોકાણનુ સ્વરૂપ એવુ છે કે જ્યારે લોકો રોકાણ કરે છે ત્યારે એક જ સેક્ટરમાં સતત રોકાણ કરવામાં આવે છે. આક્રમક જાહેરાતો અને રોકાણના મર્યાદિત સાધનો હોવાના કારણે રોકાણકારોને રોકાણના આ માધ્યમમાં નફો વધારે હોવાની બાબત દેખાઈ રહી છે. કમીશનના કારણે રોકાણ સલાહકારો પણ હવે લોકોને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. જેના કારણે મ્યુચ્યુઅલ ફંડનુ નેટવર્ક સતત વધી રહ્યુ છે. હવે આંકડા કઈ જુદી વાત કરી રહ્યા છે. એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક મ્યુચ્યુઅલ ફંડ નુકસાનમાં જતા રહ્યા છે. કેટલાક આઈપીઓ બચાવવા માટેના ચક્કરમાં પડીને પોતાના પૈસા ગુમાવી ચુકયા છે. બગડી ગયેલી સ્થિતીમાં આવા ફંડ મેનેજરોની રોકાણકારોને આકર્ષિત કરવાના પ્રયાસના કારણે બજાર નિયામક સેબીને પણ નજર રાખવાની ફરજ પડી રહી છે. મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓએ ગ્રાહકોને લાલચ આપવા અને એમ કહીએ કે તેમને ભ્રમિત કરવા માટે કેટલાક ફંડા રજૂ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે બજારમાં ભ્રમની સ્થિતી ઉભી થઈ ગઈ છે. થોડાક દિવસ પહેલા એક બિન સરકારી બેંક સહાયક કંપનીના આઈપીઓને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે જે રીતે ૫૦થી વધારે મ્યુચ્યુઅલ ફંડના પૈસા તેમાં લગાવી દેવામાં આવ્યા હતા અને આઈપીઓના નબળા લિસ્ટિંગપર શેર નુકસાનમાં પહોંચી ગયા બાદ મ્યુચ્યુઅલ ફંડ હાઉસ તેને વેચીને બહાર નિકળ્યા તેના કારણે રોકાણકારોને ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો હતો. એકબાજુ મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ દાવો કરે છે કે તે ખુબ ગંભીરતાપૂર્વક વિચારીને ગ્રાહકોના પૈસા રોકે છે. બીજી બાજુ આ કડવી વાસ્તવિકતા છે કે પોતાની જરૂરિયાતો અને વેપારી સંબંધો ટકાવી રાખવા માટે તેઓ પણ રોકાણ કરેછે. ફંડ હાઉસ રોકાણના સમય ખુશ અને આશાવાદી તો દેખાય છે પરંતુ પરંતુ નુકસાન થવા અથવા તો ઈચ્છિત લાભ ન હોવાની સ્થિતીમાં તેમનો ભાર આ બાબત પર આધારિત હોય છે કે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ જોખમી હોય છે. આવુ તેની જાહેરાતમાં પણ સ્પષ્ટ રીતે દર્શાવાય છે. જો મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓના દાવા સાચા રહ્યા હોત તો મોટી સંખ્યામાં ફંડ નુકસાનમાં જતા રહ્યા ન હોત. વાસ્તવિકતા એ છે કે ફંડ મેનેજર પણ ખોટા સમયમાં ખોટા શેરની ખરીદી કરે છે અને વેચે છે. એટલુ જ નહીં કેટલીક વખત તેમના નિર્ણય કોઈ અન્ય નાણાંકીય સંસ્થાને બચાવી લેવા માટે હોય છે. જેના કારણે નુકસાનની પૂર્ણ સંભાવના હોય છે. શેરબજારમાં રહેતા ઉતારચઢાવની સ્થિતી અંગે યોગ્ય ગણતરી કરવાની બાબત ફંડ મેનેજર માટે શક્ય નથી.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



ઉત્તર પ્રદેશના સંભલમાં જૂના શિવ મંદિરને ખોલ્યું

# સંભલમાં કૂવાનુ ખોદકામ કરાતા પાર્વતી, ગણેશ અને કાર્તિકેયની મૂર્તિઓ મળી

। સંભલ, તા.૧૬ ।

હાલમાં જ પ્રશાસને ઉત્તર પ્રદેશના સંભલમાં જૂના શિવ મંદિરને ખોલ્યું છે, જે ૪૬ વર્ષથી બંધ હતું. આ મંદિરમાં પ્રાચીન શિવલિંગની સાથે હનુમાનજીની મૂર્તિ અને કૂવો પણ મળી આવ્યો છે. હવે વહીવટીતંત્રને કૂવો ખોદતી વખતે ૩ મૂર્તિઓ મળી આવી છે. આ મૂર્તિઓ માતા પાર્વતી, ગણેશ અને કાર્તિકેયની છે. આ મંદિર ૧૯૭૮થી બંધ હતું. વહીવટી તંત્રે આ મંદિરને સાફ કરાવ્યું અને ૧૫ ડિસેમ્બરે આ મંદિરમાં ધાર્મિક વિધિ અને મંત્રોના જાપ સાથે પૂજા આરતી કરવામાં આવી.ડેપ્યુટી એસપી અનુજ ચૌધરીનું કહેવું છે કે, મંદિરમાંથી ત્રણ મૂર્તિઓ મળી આવી છે. કૂવો ખોદવાનું કામ હાલમાં પણ ચાલુ રહેશે. ખોદકામ દરમિયાન મા પાર્વતી, ગણેશજી અને કાર્તિકેયજીની મૂર્તિઓ મળી આવી હતી. આ પ્રતિમાઓની કાર્બન ડેટિંગ કરવામાં આવશે. અહીં આરસની બનેલી પ્રતિમા પણ છે, જે કાર્તિકેયજીની હોય તેવુ લાગે છે. ૨ પ્રતિમાઓ ખંડિત છે.સંભલનું આ મંદિર પ્રાચિન અને ૪૦૦ વર્ષ જૂનું છે, જે કાર્તિક શંકર મંદિર કહેવાય છે. ૮૨ વર્ષના વિષ્ણુ શરણ રસ્તોગી કહે છે કે અહીં ખગ્ગુ સરાઈમાં તેમના પરિવારના લગભગ ૪૦ થી ૪૨ ઘર હતા. આ આખી શેરીમાં તેનો પરિવાર રહેતો હતો.

## હિંદી મહાસાગરમાં પ્રતિ કલાક ૨૨૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાયો

# ફ્રાન્સના મેયોટ ઉપર ત્રાટકેલા 'ચીડો' વાવાઝોડાએ વિનાશ વેર્યોઃ ૧૪નાં મોત

**મેયોટ સ્થિત હોસ્પિટલે કહ્યું હતું કે ૯ લોકોની હાલત અત્યંત ગંભીર અને નાજૂક છે અને અન્ય ૨૪૬ લોકોને ઇજાઓ પહોંચી છે । આ વાવાઝોડુ હિંદ મહાસાગરના દક્ષિણ-પૂર્વ પટ્ટા ઉપર ફૂંકાયું હતુ**



। કેપટાઉન, તા.૧૬ ।

હિંદ મહાસાગરમાં આવેલાં ફ્રાન્સના મેયોટ વિસ્તાર ઉપર ત્રાટકેલાં 'ચીડો' વાવાઝોડાએ સમગ્ર વિસ્તારમાં ભારે વિનાશ વેર્યો હતો. જેમાં ૧૪ લોકોના મોત થયા હતા એમ ફ્રાન્સના ગૃહ મંત્રાલયે રવિવારે કહ્યું હતું. મંત્રાલયે વધુમાં કહ્યું હતું કે મૃત્યુ પામેલા લોકોનો અને ઈજાગ્રસ્ત લોકો અસલી આંકડો નક્કી કરવો મુશ્કેલ છે, કેમ કે મૃત્યુઆંક વધે એવી સંપૂર્ણ શક્યતા રહેલી છે. મેયોટ સ્થિત હોસ્પિટલે કહ્યું હતું કે ૯ લોકોની હાલત અત્યંત ગંભીર અને નાજૂક છે અનેઅન્ય ૨૪૬ લોકોને ઈજાઓ પહોંચી છે.આ વાવાઝોડુ હિંદ મહાસાગરના દક્ષિણ-પૂર્વ પટ્ટા ઉપર ફૂંકાયું હતુ જેના કારણે મડાગાસ્કર અને કોમોરોસ જેવા ટાપુઓ પણ તેની ઝપટમાં આવી ગયા હતા પરંતુ ફ્રાન્સનો મેયોટ વિસ્તાર સીધો આ વાવાઝોડાના માર્ગમાં આવતો હતો જેથી આ વિસ્તારમાં ભારે વિનાશ સર્જાયો હતો એમ કહેતા એક સરકારી અધિકારીએ ઉમેર્યુ હતું કે મેયોટના ૯૦ વર્ષના ઈતિહાસમાં આ સૌથી વિનાશક અને ખતરનાક વાવાઝોડું હતું.પેરિસ ખાતે બોલાવાયેલી ઈમરજન્સી મિટિંગ પૂરી થયા બાદ ફ્રાન્સના ગૃહમંત્રી બ્રુનો રિટેલોએ શનિવારે રાત્રે કહ્યું હતું કે મેયોટ વિસ્તારમાં મૃત્યુઆંક વધે એવી સંપૂર્ણ શક્યતા રહેલી છે. ફ્રાન્સના હવામાન ખાતાએ કહ્યું હતું કે પ્રતિ કલાક ૨૨૦ કિ.મીની ઝડપે ફૂકાયેલા આ વાવાઝોડાએ મેયોટ વિસ્તારના મકાનો ઉપર આવેલાં લોંખડના પતરાં પણ ઉખેડી નાંખ્યા હતા અને આ વિસ્તારમાં આવેલા અનેક નાના-મોટા માળખાને જમીનદોસ્ત કરી નાંખ્યા હતા. મેયોટ વિસ્તારમાં અંદાજે ૩ લાખ લોકોની વસ્તી રહે છે. જે પૈકી મોટાભાગના લોકો આ વાવાઝોડાના કારણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રભાવિત થયા છે. હિંદ મહાસાગરમાં આવેલાં ફ્રાન્સના મેયોટ વિસ્તાર ઉપર ત્રાટકેલાં 'ચીડો' વાવાઝોડાએ સમગ્ર વિસ્તારમાં ભારે વિનાશ વેર્યો હતો.

## ધર્મસંસદ સામે પોલીસની નિષ્ફળતા પર સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ

। લખનૌ, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં ધર્મ સંસદના મામલાને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં વહેલી સુનાવણીની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી છે. આ મામલે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની માંગ કરવામાં આવી છે. સીજેઆઈ સંજીવ ખન્નાએ ઈમેલ મોકલતા કહ્યું, અરજદાર વતી પ્રશાંત ભૂષણે કહ્યું કે આ ધર્મ સંસદ મંગળવારથી યોજાવાની છે. અહીં મુસલમાનોના નરસંહારની વાત થશે તેવું સામે આવ્યું છે.ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં આ અઠવાડિયે યતિ નરસિમ્હાનંદ અને અન્ય લોકો દ્વારા આયોજિત ધર્મ સંસદ સામે ઉત્તર પ્રદેશ પોલીસ કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહી હોવાના આક્ષેપ સાથે ભૂતપૂર્વ અમલદારો સહિત નાગરિક સમાજના સભ્યોના જૂથે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. પ્રશાંત ભૂષણ દ્વારા દાખલ કરવામાં આવેલી તિરસ્કારની અરજીનો ઉલ્લેખ મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના સમક્ષ તાત્કાલિક સુનાવણી માટે કરવામાં આવ્યો હતો.

## માતા વૈષ્ણો દેવી સંઘર્ષ સમિતિએ ૧૮ ડિસેમ્બરે હડતાળની જાહેરાત કરી

। જમ્મુ, તા.૧૬ ।

જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં આવેલા માતા વૈષ્ણો દેવી મંદિરના માર્ગ પર પ્રસ્તાવિત રોપ-વે પ્રોજેક્ટના વિરોધમાં રવિવારે કટરામાં સેંકડો લોકોએ વિરોધ કર્યો હતો. જેના ભાગરૂપે શાલીમાર પાર્કથી શરૂ થઈ બસ સ્ટોપ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓએ શ્રાઈન બોર્ડ અને રોપવે પ્રોજેક્ટ વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા, જેના પગલે પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. આ રેલીમાં પૂર્વ મંત્રી જુગલ કિશોર શર્માએ પણ ભાગ લીધો હતો, જેમણે રોપ વેના વિરોધીઓના સમર્થનમાં વાત કરી હતી.

રોપવે પ્રોજેક્ટ સામેના આંદોલનનું નેતૃત્વ શ્રી માતા વૈષ્ણોદેવી સંઘર્ષ સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જે સ્થાનિક દુકાનદારો, મજૂરો, ટટ્ટુ માલિકો અને પાલખી કામદારોની આજીવિકાને અસર કરશે તે ભયથી વિરોધ કરી રહી છે. આ પ્રોજેક્ટ હેઠળ, શ્રાઈન બોર્ડે તારાકોટ માર્ગથી સાંઝી છટ સુધીના ૧૨ કિલોમીટર લાંબા માર્ગ પર ૨૫૦ કરોડ રૂપિયાના ખર્ચે પેસેન્જર રોપવે પ્રોજેક્ટ શરૂ કરવાનો નિર્ણય લીધો છે.તેના પર, સ્થાનિક લોકોનું માનવું છે કે આ પ્રોજેક્ટ તેમની રોજગારીને જોખમમાં મૂકી શકે છે.

## માનહાનિ કેસમાં એબીસી મીડિયા ગ્રૂપે સેટ લમેન્ટ કર્યુ

# ન્યૂઝ ચેનલને ભારે પડી એન્કરની ટિપ્પણી ડોનાલ્ડ ટ્રમ્પને ચૂકવશે ૧૨૭ કરોડ રૂપિયા

**કોર્ટના દસ્તાવેજો અનુસાર, આ મામલો એબીસી ન્યૂઝના એન્કર જ્યોર્જ સ્ટેફનોપોલોસ દ્વારા એક કાર્યક્રમ દરમિયાન કરવામાં આવેલી ટિપ્પણીઓથી ઉભો થયો હતો**




। ન્યૂયોર્ક, તા.૧૬ ।

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ એક એન્કરની ટિપ્પણીએ તેની આખી ન્યૂઝ ચેનલને ભારે પડી ગઈ છે. અહેવાલો અનુસાર એબીસી મીડિયા ગ્રુપ હવે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ડોલર ૧૫ મિલિયન (આશરે ૧૨૭ કરોડ રૂપિયા)માં દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસનું સમાધાન કરવા સંમત થયું છે. એટલે એબીસી ન્યૂઝે તેમને ૧૨૭.૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. એટલું જ નહીં, મીડિયા ગ્રુપે 'અફસોસ' વ્યક્ત કરતું નિવેદન પણ પ્રકાશિત કરવું પડશે.કોર્ટના દસ્તાવેજો અનુસાર, આ મામલો એબીસી ન્યૂઝના એન્કર જ્યોર્જ સ્ટેફનોપોલોસ દ્વારા એક કાર્યક્રમ દરમિયાન કરવામાં આવેલી ટિપ્પણીઓથી ઉભો થયો હતો. જ્યોર્જે માર્ચમાં યુએસ સાંસદ નેન્સી મેસ સાથેની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે ટ્રમ્પ 'રેપ કેસમાં આરોપી' છે. આ મામલે ટ્રમ્પ કોર્ટ પહોંચ્યા હતા.એબીસી ન્યૂઝ અને સ્ટેફનોપોલોસ જાહેરમાં પણ માફી માંગશે. જેમાં કહેવામાં આવશે કે, ઈન્ટરવ્યુ દરમિયાન ટ્રમ્પ વિશે આપેલા "નિવેદન પર અફસોસ છે" અને બ્રોડકાસ્ટર એટર્ની ફીમાં અલગથી ડોલર૧ મિલિયન ચૂકવશે. અહેવાલો અનુસાર જજ લિસેટ એમ. રીડે ટ્રમ્પ અને સ્ટેફનોપોલોસ બંનેની જુબાનીઓ રેકોર્ડ કર્યાના એક દિવસ પછી બંને પક્ષોએ સેટલમેન્ટ કર્યુ હતું.ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ વિરૂદ્ધ ઉત્પીડનનો કેસ ચાલી રહ્યો છે. જોકે, આ બળાત્કારના કેસથી અલગ છે. ૨૦૨૩માં લેખિકા R. જીન કેરોલ દ્વારા તેમની વિરુદ્ધ આ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

**તબલાને કોઇનો પગ ન અડે તે માટે તેને ખોળામાં લઇને સૂતા હતા**

# યુએસ પ્રમુખ ઓબામાએ ઝાકિર હુસૈનને કોન્સર્ટમાં આમંત્રિત કર્યા હતા

**ઝાકિર હુસૈન ૧૨ વર્ષના હતા ત્યારે તેમના પિતા અલ્લારખા સાથે એક કોન્સર્ટમાં ગયા હતા**

। નવી દિલ્હી, તા.૧૬ ।

તેમણે નાની ઉંમરમાં જ પિતાની સાથે કોન્સર્ટમાં જવાનું શરૂ કર્યુ હતું. તેઓ અમેરિકામાં ખૂબ જ લોકપ્રિય હતા. વર્ષ ૨૦૧૬માં તેમને અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ ઓલ સ્ટાર ગ્લોબલ કોન્સર્ટમાં ભાગ લેવા આમંત્રિત કર્યા હતા. આ કોન્સર્ટમાં સામેલ થનાર ઝાકિર હુસૈન પ્રથમ ભારતીય સંગીતકાર હતા. અંગત જીવનની વાત કરીએ તો ઉસ્તાદ ઝાકિર હુસૈને એન્ટોનિયા મીન્નેકોલા સાથે લગ્ન કર્યા હતા, એ એક કથક ડાન્સર અને ટીચરની સાથે-સાથે તેમની મેનેજર પણ હતા. તેમને બે દિકરીઓ છે. ઝાકિર હુસૈનના અવસાનથી સંગીતવિશ્વની ધૂમ શાંત પડી ગઈ છે, અને તેમના ચાહકો સહિત સૌ કોઈ શોકમાં ગરકાવ થઈ ગયા છે. ૧૯૭૩માં તેણે પોતાનું પહેલું આલ્બમ 'લિવિંગ ઈન ધ મટિરિયલ વર્લ્ડ' લોન્ચ કર્યુ.નાનપણથી ઉસ્તાદ ઝાકિર હુસૈન સપાટ જગ્યા જોઈને આંગળીઓ વગાડતા હતા. કોઈ પણ સપાટ જગ્યા જોઈને તે આંગળીઓ વડે ધૂન વગાડવા લાગતા. શરૂઆતમાં પરિવારના આર્થિક તકલીફવાળા દિવસોમાં મુસાફરીમાં પૈસાના અભાવે તે જનરલ કોચમાં ચડતા હતા. જો તેને બેઠક ન મળે, તો તે ફ્લોર પર અખબારો ફેલાવીને સૂઈ જતા. આ સમય દરમિયાન તબલાને કોઈનો પગ ન અડે તે માટે તે તેને ખોળામાં લઈને સૂઈ જતા હતા. ઝાકિર હુસૈને તેમના જીવનમાં ભારતીય ફિલ્મ ઉદ્યોગના ઘણા મહાન ગાયકો, નૃત્યકારો અને અભિનેતાઓ સાથે પર્ફોર્મન્સ આપ્યું છે.

## ન્યૂઝ બ્રિફ



### વર્તમાન સરકારમાં મોંઘવારીને કારણે લોકોની હાલત ખરાબ છે : શેખ હસીના

। ઢાકા, તા.૧૬ ।

બાંગ્લાદેશ આજે 'વિજય દિવસ'ની ઉજવણી કરી રહ્યું છે. આ દિવસે એટલે કે ૧૬મી ડિસેમ્બરે ભારતીય સેના અને મુક્તિ બાહિનીના યોદ્ધાઓએ પાકિસ્તાની સેના સામે યુદ્ધ લડ્યું હતું અને બાંગ્લાદેશને આઝાદ કરાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. રવિવારે, 'વિજય દિવસ'ની પૂર્વસંધ્યાએ, બાંગ્લાદેશના હાંકી કાઢવામાં આવેલા વડા પ્રધાન શેખ હસીનાએ દેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ પર આકરા પ્રહારો કર્યા છે. હસીનાએ વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ પર 'અલોકતાંત્રિક જૂથ'નું નેતૃત્વ કરવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે લોકો પ્રત્યે તેમની કોઈ જવાબદારી નથી.શેખ હસીનાએ યુનુસને 'ફાસીવાદી' ગણાવ્યો અને આરોપ લગાવ્યો કે તેમની આગેવાની હેઠળની સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય મુક્તિ યુદ્ધ અને મુક્તિ તરફી દળોની ભાવનાને દબાવવાનો હતો.

### ગ્રીસના ક્રેટ ટાપુ પાસે શરણાર્થીઓથી ભરેલી બોટ ડૂબી, ૫ લોકોના મોત

। એથેન્સ, તા.૧૬ ।

ગ્રીસના ક્રેટ ટાપુના દક્ષિણમાં એક દુઃખદ અકસ્માત સર્જાયો છે. અહીં શરણાર્થીઓને લઈ જતી બોટ ડૂબી જતાં પાંચ લોકોના મોત થયા હતા અને ઘણા લોકો લાપતા છે. કોસ્ટ ગાર્ડે જણાવ્યું કે ચાર શોધ અને બચાવ કામગીરીમાં ૨૦૦થી વધુ લોકોને બચાવી લેવાયા છે. કોસ્ટ ગાર્ડના જણાવ્યા અનુસાર ચારમાંથી ત્રણ ઓપરેશન બંધ કરી દેવામાં આવ્યા છે પરંતુ એક હજુ ચાલુ છે.ક્રેટની દક્ષિણે આવેલા ગાવડોસ ટાપુ નજીક બોટ ડૂબી જવાની અલગ-અલગ ઘટનાઓના અહેવાલો પછી આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. દક્ષિણ પેલોપોનીસ પ્રદેશમાં શરૂ કરવામાં આવ્યું છે. કોસ્ટ ગાર્ડે જણાવ્યું કે સર્ચ ઓપરેશન દરમિયાન ૩૯ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને તેમને ક્રેટ લઈ જવામાં આવ્યા છે. આ દરમિયાન પાણીના વિસ્તારમાંથી પાંચ મૃતદેહો પણ મળી આવ્યા હતા. જે લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા તેઓએ જણાવ્યું કે તેમની બોટમાં મોટી સંખ્યામાં લોકો સવાર હતા.

# આઝમ ખાનની જામીન અરજી પર યુપી સરકારને નોટિસ ફટકારાઇ

। નવીદિલ્હી, તા.૧૬ ।

સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને યુપીના પૂર્વ કેબિનેટ મંત્રી મોહમ્મદ આઝમ ખાન અને તેમના પુત્ર અબ્દુલ્લા આઝમ ખાનની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે યુપી સરકારને નોટિસ ફટકારી છે. સુપ્રીમ કોર્ટે આ મુદ્દે રાજ્ય સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. આ મામલો રામપુર મ્યુનિસિપલ કાઉન્સિલના સફાઈ મશીનની ચોરી કરીને જોહર યુનિવર્સિટીમાં માટીમાં દાટી દેવાનો છે. આ કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે આઝમ ખાન અને તેમના પુત્ર અબ્દુલ્લા આઝમ ખાનની જામીન અરજી ફગાવી દીધી હતી.

# દક્ષિણ કોરિયાના પ્રમુખ સામે મહાભિયોગ પ્રસ્તાવ પસાર

। સિઓલ, તા.૧૬ ।

દક્ષિણ કોરિયાના પ્રમુખ યૂન સુક યેઓલ દેશમાં માર્શલ લૉ લાગુ કરવા બદલ ભારે વિરોધનો સામનો કરી રહ્યા છે. હવે તેમની ખુરશી પણ જોખમમાં મૂકાઈ છે. સંસદમાં પ્રમુખ યુન સુક યેઓલ પર શનિવારે મહાભિયોગ ચલાવવાની દરખાસ્ત પર મતદાન કરવામાં આવ્યું હતું. જેમાં દરખાસ્તના સમર્થનમાં ૨૦૪ મત અને વિરોધમાં ૮૫ મત પડ્યા હતા. ૩ ડિસેમ્બરે માર્શલ લૉ લાગુ કરવાનો આદેશ આપ્યા બાદ યેઓલે બીજી વખત મહાભિયોગનો સામનો કરવો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે યેઓલના આ નિર્ણય બાદથી જ દક્ષિણ કોરિયાના રાજકારણમાં ખળભળાટ મચેલો છે.દક્ષિણ કોરિયાના બંધારણ મુજબ, સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ પસાર થયા બાદ યેઓલે કોર્ટની કાર્યવાહીનો સામનો કરવો પડશે.

યૂનને પ્રમુખપદ પરથી હટાવવા કે કેમ તે નક્કી કરવા માટે કોર્ટ પાસે ૧૮૦ દિવસનો સમય છે. જો તેમને પદ પરથી હટાવવામાં આવશે તો ૬૦ દિવસમાં સામાન્ય ચૂંટણીઓ યોજવી પડશે. આ ઠરાવ પસાર થતાં યેઓલની પ્રમુખ તરીકેની સત્તાઓ સસ્પેન્ડ કરવામાં આવી છે.પ્રમુખ યૂન સુક યેઓલની સત્તાઓ સસ્પેન્ડ કર્યા પછી વડાપ્રધાન હાન ડક-સૂ કાર્યકારી પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળશે.

**બાંગ્લાદેશના પદભ્રષ્ટ પીએમ પર આક્ષેપ** | **આ ઘટનાઓની તપાસ માટે રચવામાં આવેલા કમિશને અંદાજ લગાવ્યો છે કે આવા કેસોની સંખ્યા ૩,૫૦૦થી વધુ છે**

# શેખ હસીનાના ઇશારે લોકોને ગુમ કરાયા છે : બાંગ્લાદેશ કમિશન



। ઢાકા, તા.૧૬ ।

બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાના શાસન દરમિયાન કથિત રીતે લોકોના ગુમ થવાના આશરે ૩૫૦૦ મામલાની તપાસ માટે દેશની વચગાળાની સરકારે પાંચ સભ્યોનું તપાસપંચ નીમ્યું હતું. આ તપાસપંચે તેના અહેવાલમાં જણાવ્યું છે કે લોકોના કથિત રીતે ગુમ થવા પાછળ પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના અને તેમના શાસનના ઉચ્ચ સૈન્ય અને પોલીસ અધિકારીઓની સંડોવણી હોવાના પુરાવા મળ્યા છે. આ કમિશને મુખ્ય સલાહકાર પ્રોફેસર મોહમ્મદ યુનુસને "સત્યનો ખુલાસો" શીર્ષક હેઠળનો પોતાનો વચગાળાનો અહેવાલ સુપરત કર્યો હતો અને ત્યારબાદ આ નિવેદન જારી કરવામાં આવ્યું હતું. આ ઘટનાઓની તપાસ માટે રચવામાં આવેલા કમિશને અંદાજ લગાવ્યો છે કે આવા કેસોની સંખ્યા ૩,૫૦૦થી વધુ છે.મુખ્ય સલાહકારના કાર્યાલયની પ્રેસ વિંગે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આયોગને પુરાવા મળ્યા છે કે ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના નિર્દેશ પર લોકોને ગુમ કરી દેવામાં આવ્યા હતા. તેમાં જણાવવામાં આવ્યું છે કે રક્ષા સલાહકાર મેજર જમરલ (નિવૃત્ત) તારિક અહેમદ સિદ્દીકી, નેશનલ ટેલિકોમ સર્વેલન્સ સેન્ટરના ભૂતપૂર્વ મહાનિર્દેશક અને મેજર જનરલ ઝિયાઉલ અહસન, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ મોનિરુલ ઈસ્લામ અને મોહમ્મદ હારુન-ઓર-રશીદ અને અન્ય કેટલાક વરિષ્ઠ અધિકારીઓ પણ આ ઘટનાઓમાં સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું છે. આ તમામ હાલમાં ફરાર છે. મનાઈ રહ્યું છે કે વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના બળવામાં ૫ ઓગસ્ટે શેખ હસીનાની અવામી લીગ સરકારને સત્તા પરથી ઉથલાવ્યા બાદ તેઓ દેશ છોડીને ભાગી ગયા છે. બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાના શાસન દરમિયાન કથિત રીતે લોકોના ગુમ થવાના આશરે ૩૫૦૦ મામલાની તપાસ માટે દેશની વચગાળાની સરકારે પાંચ સભ્યોનું તપાસપંચ નીમ્યું હતું.

### વિદેશ નીતિમાં પરિવર્તનને રાજકીય હુમલા તરીકે જોવું જોઇએ નહીં

# વિદેશ નીતિમાં બદલાવની શરૂઆત નરસિંહ રાવે કરી હતી : એસ જયશંકર

## એક દાયકા પહેલા આપણે અગ્રણી વૈશ્વિક તાકાત તરીકે આગળ વધવાની વિચારણા ચાલુ કરી હતી

। નવી દિલ્હી, તા.૧૬ ।

વિશ્વમાં બદલાતી જતી સ્થિતિને ધ્યાનમાં રાખીને વિદેશ નીતિમાં પણ પરિવર્તન જરૂરી હોવા પર ભાર મૂકીને વિદેશ પ્રધાન એસ જયશંકરે રવિવારે જણાવ્યું હતું કે વિકસિત ભારત માટે વિદેશી નીતિ હોવી જોઈએ. વિદેશ નીતિમાં પરિવર્તનને રાજકીય હુમલા તરીકે જોવું જોઈએ નહીં. વિદેશ નીતિમાં ફેરફાર કરવાની નરેન્દ્ર મોદીને જરૂરિયાત ઊભી થઈ ન હતી. તેની શરૂઆત નરસિંહ રાવ સરકારે કરી હતી. નવી દિલ્હીમાં 'ઈન્ડિયાઝ વર્લ્ડ' મેગેઝીનના લોકાપણ પ્રસંગે જયશંકરે જણાવ્યું હતું કે વિદેશ નીતિમાં બદલાવ શા માટે જરૂરી છે તે માટેના ચાર મુખ્ય પરિબળો છે. પ્રથમ એ કે ઘણા વર્ષો સુધી નેહરુ વિકાસ મોડલ હતું. તેનાથી નહેરુ વિદેશ નીતિનો જન્મ થયો હતો. ૧૯૪૦, ૫૦, ૬૦ અને ૭૦ના દાયકામાં વિશ્વ બે મહાસત્તા વચ્ચે વહેંચાયેલું હતું. આ પછી વિશ્વમાં એક મહાસત્તા એટલે કે એક ધ્રુવીય વિશ્વ બન્યું હતું. હવે આ બંને સ્થિતિ બદલાઈ ગઈ છે. આ ઉપરાંત છેલ્લાં બે દાયકામાં ખૂબ જ ઝડપથી વૈશ્વિકરણ થયું છે. તેનાથી એક દેશના બીજા દેશો સાથેના સંબંધો બદલાયા છે. જો આપણે ટેક્નોલોજીની અસરની વિચારણા કરીએ તો વિદેશ નીતિ, રાષ્ટ્રીય ક્ષમતાઓ પર અને આપણા રોજિંદા જીવન પર ટેક્નોલોજીની અસર થઈ છે. વિકસિત ભારતના વિઝન માટે વિકસિત ભારત માટેની વિદેશ નીતિની જરૂરિયાત હોવા પર ભાર મૂકીને તેમણે જણાવ્યું હતું કે જો આપણે વિકસિત ભારતની મહત્ત્વકાંક્ષા રાખીએ તો ચોક્કસપણે વિકસિત ભારત માટે વિદેશ નીતિ જરૂરી છે. એક દાયકા પહેલા આપણે અગ્રણી વૈશ્વિક તાકાત તરીકે આગળ વધવાની વિચારણા ચાલુ કરી હતી. આપણે કેવી રીતે વધુ મહત્વાકાંક્ષી બનવું, કેવી રીતે આગળ વધવું તેની વિચારણા કરી હતી.

### રવિવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ૩૮ ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરી

# આમ આદમી પાર્ટીએ તમામ ૭૦ ઉમેદવારોની સંપૂર્ણ યાદી જાહેર તાકાતથી ચુંટણી લડશે

## મુખ્યમંત્રી પદ માટે કોઈ ચહેરો નથી, કોઈ ટીમ નથી, કોઈ યોજના નથી અને દિલ્હી માટે કોઈ વિઝન નથી : કેજરીવાલ । આતિશીએ એક પોસ્ટમાં કહ્યું કે આ મારા માટે ગર્વની વાત છે અને હું આ જવાબદારી પૂરી નિષ્ઠા અને સમર્પણ સાથે નિભાવીશ.''

। નવીદિલ્હી, તા.૧૬ ।



આમ આદમી પાર્ટીએ રવિવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ૩૮ ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરી છે, આ રીતે આમ આદમી પાર્ટીએ હવે તેના તમામ ૭૦ ઉમેદવારોની સંપૂર્ણ યાદી જાહેર કરી છે પરંતુ મુખ્ય વિપક્ષી પાર્ટી ભાજપની બાજુમાં છે અત્યાર સુધી એવો કોઈ ગણગણાટ નથી. ઉમેદવારોની યાદી જાહેર કર્યા પછી, આપ વડા અરવિંદ કેજરીવાલે ભારતીય જનતા પાર્ટી પર કટાક્ષ કર્યો અને કહ્યું કે તેમની પાસે મુખ્યમંત્રી પદ માટે કોઈ ચહેરો નથી. તમને જણાવી દઈએ કે દિલ્હીમાં આવતા વર્ષે ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ૨૦૨૦માં, આપે દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ૭૦ માંથી ૬૨ બેઠકો જીતીને રાષ્ટ્રીય રાજધાનીના રાજકારણમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું.કેજરીવાલે 'એકસ' પર એક પોસ્ટમાં કહ્યું, ''પાર્ટી પૂરા આત્મવિશ્વાસ અને સંપૂર્ણ તૈયારી સાથે ચૂંટણી લડી રહી છે પરંતુ ભાજપ ગાયબ છે. તેમની પાસે મુખ્યમંત્રી પદ માટે કોઈ ચહેરો નથી, કોઈ ટીમ નથી, કોઈ યોજના નથી અને દિલ્હી માટે કોઈ વિઝન નથી. તેમની પાસે એક જ સૂત્ર, એક નીતિ અને એક મિશન છે - 'કેજરીવાલ હટાઓ'. તેમને પૂછો કે તેમણે છેલ્લા પાંચ વર્ષમાં શું કર્યું, તો તેમણે જવાબ આપ્યો - ''કેજરીવાલ સાથે ખૂબ દુર્વ્યવહાર કર્યો.''તમને જણાવી દઈએ કે ભાજપે હજુ સુધી દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી નથી. જો કે, ભાજપ નવી દિલ્હી સીટ પર કેજરીવાલ સામે પૂર્વ મુખ્યમંત્રી સાહિબ સિંહ વર્માના પુત્ર પ્રવેશ વર્માને મેદાનમાં ઉતારવાની યોજના બનાવી રહી છે. દરમિયાન, કોંગ્રેસે પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતના પુત્ર સંદીપ દીક્ષિત સહિત ૨૧ ઉમેદવારોની જાહેરાત કરી છે, જેઓ નવી દિલ્હી બેઠક પરથી કેજરીવાલને પડકારશે. બંને પક્ષો 'ભારત' ગઠબંધનનો ભાગ હોવા છતાં કેજરીવાલે અનેક પ્રસંગોએ કોંગ્રેસ સાથેના જોડાણને નકારી કાઢ્યું છે.આતિશીએ એક પોસ્ટમાં કહ્યું કે આ મારા માટે ગર્વની વાત છે અને હું આ જવાબદારી પૂરી નિષ્ઠા અને સમર્પણ સાથે નિભાવીશ.''

## ન્યૂઝ બ્રિફ



### તાપસી પન્નુ આ વર્ષની શરૂઆતમાં તેના લગ્નને લઈને ચર્ચામાં હતી

## તાપસી પન્નુએ ૨૦૨૩માં જ બોયફ્રેન્ડ સાથે લગ્ન કરી લીધા હતા !

। નવીદિલ્હી, તા.૧૬ ।

તાપસી પન્નુ આ વર્ષની શરૂઆતમાં તેના લગ્નને લઈને ચર્ચામાં હતી. અભિનેત્રીએ આ વર્ષે માર્ચમાં તેના લોંગ ટાઈમ બોયફ્રેન્ડ મેથિયાસ બો સાથે લગ્ન કર્યા હતા. આ કપલે ઉદયપુરમાં ખૂબ ધામધૂમથી લગ્ન કર્યા હતા, પરંતુ તેમના લગ્ન વિશે કોઈને ખબર પણ નહોતી. તાપસી પન્નુએ મેથિયાસ બો સાથેના લગ્નને ટોપ સિક્રેટ રાખ્યું હતું અને લગ્નના ૯ મહિના પછી પણ અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર એક પણ ફોટો શેર કર્યો નથી. તાપસી પન્નુએ તેના લગ્નને લગતો એવો ખુલાસો કર્યો હતો, જેણે તમામ ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. અભિનેત્રીએ જણાવ્યું કે, તેણે ગયા વર્ષે ડિસેમ્બરમાં તેના બોયફ્રેન્ડ સાથે લગ્ન કર્યા હતા અને તે જલદી જ તેની લગ્નની એનિવર્સરી સેલિબ્રેટ કરવા જઈ રહી છે. તાપસીએ જણાવ્યું હતું કે ગયા વર્ષે ડિસેમ્બરમાં તેઓએ કાગળો પર સહી કરીને ઓફિશિયલ લગ્ન કર્યા હતા અને આ વર્ષે રીતરિવાજ મુજબ લગ્ન કર્યા હતા.

## પ્રિયંકા ગાંધી 'પેલેસ્ટાઈન' લખેલી બેગ લઈને સંસદ પહોંચ્યા, હંગામો મચ્યો

। નવીદિલ્હી, તા.૧૬ ।

કોંગ્રેસનો પેલેસ્ટાઈન પ્રત્યેનો પ્રેમ ફરી એકવાર દેખાઈ આવ્યો છે. પ્રિયંકા ગાંધીની એક તસવીર સામે આવી છે જેમાં તેમની બેગ પર પેલેસ્ટાઈન લખેલું છે. કોંગ્રેસના સાંસદ આ બેગ લઈને સંસદ પહોંચ્યા હતા. હવે આ બેગને લઈને રાજકીય લડાઈ શરૂ થઈ ગઈ છે. ભાજપે પ્રિયંકા ગાંધી પર પ્રહારો કર્યા છે. કેન્દ્રીય મંત્રી એસપી સિંહ બઘેલે કહ્યું કે પ્રિયંકા મુસ્લિમ મતોને ખુશ કરવા માટે પેલેસ્ટાઈન લખેલી બેગ લઈને આવી છે.આ બેગ દ્વારા પ્રિયંકા ગાંધી ફરી એકવાર પેલેસ્ટાઈનના સમર્થનમાં જોવા મળી છે. તમને જણાવી દઈએ કે આ પહેલીવાર નથી જ્યારે પ્રિયંકા ગાંધીએ પેલેસ્ટાઈનનું સમર્થન કર્યું હોય. તેઓ તાજેતરમાં ભારતની મુલાકાતે આવેલા પેલેસ્ટાઈનના રાજદૂત અબેદ એલરાઝેગ અબુ જાઝરને મળ્યા હતા. પેલેસ્ટાઈનના રાજદૂતે પ્રિયંકાને વાયનાડ લોકસભા ચૂંટણીમાં જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા.આ વર્ષે ઓક્ટોબરમાં હમાસ અને ઈઝરાયેલ વચ્ચે શરૂ થયેલા યુદ્ધને એક વર્ષ વીતી ગયા બાદ પણ પ્રિયંકા ગાંધીએ ઈઝરાયેલને નિશાન બનાવ્યું હતું. ગાઝામાં વધી રહેલા મૃત્યુ વચ્ચે પ્રિયંકાએ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. કોંગ્રેસ સાંસદે કહ્યું હતું કે, ''ગાઝામાં ૭,૦૦૦ લોકોની હત્યા બાદ પણ હિંસાનો સિલસિલો અટક્યો નથી.'' આ ૭,૦૦૦ લોકોમાંથી ૩,૦૦૦ માસૂમ બાળકો હતા.''

## વડા પ્રધાન મોદીએ વિજય દિવસ પર નાયકોને શ્રદ્ધાંજલિ આપી

। નવીદિલ્હી, તા.૧૬ ।

આજે આખો દેશ ૧૯૭૧ના યુદ્ધમાં મળેલા વિજયને યાદ કરીને વિજય દિવસની ઉજવણી કરી રહ્યો છે. ૧૯૭૧ના યુદ્ધમાં ભારતીય સેનાએ પાકિસ્તાની સેનાને ઘૂંટણિયે લાવી તેમને આત્મસમર્પણ કરાવ્યું હતું. તેમજ પૂર્વ પાકિસ્તાનને પાકિસ્તાની ક્રૂરતામાંથી મુક્ત કરી આજના બાંગ્લાદેશને આઝાદી અપાવી. આ સમયગાળા દરમિયાન, ભારતીય સેનાએ ૯૩,૦૦૦ પાકિસ્તાની સૈનિકોને આત્મસમર્પણ કર્યું હતું, જે બીજા વિશ્વ યુદ્ધ પછીની સૌથી મોટી સંખ્યા હતી. જેને લઈને આજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૯૭૧ના યુદ્ધમાં સામેલ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી છે. તેમજ રક્ષા મંત્રી રાજનાથ સિંહે જવાનોને સલામી આપી હતી. પીએમ મોદીએ લખ્યું કે આ દિવસે તેમની અસાધારણ બહાદુરી અને તેમની અડગ ભાવનાને શ્રદ્ધાંજલિ છે જે હંમેશા પેઢીઓને પ્રેરણા આપે છે અને આપણા દેશના ઈતિહાસમાં ઊંડે સુધી જડિત રહેશે.આ દિવસને યાદ કરતાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ટ્વિટ કર્યું હતું કે, ''આજે વિજય દિવસના વિશેષ અવસર પર, રાષ્ટ્ર ભારતના સશસ્ત્ર દળોની બહાદુરી અને બલિદાનને સલામ કરે છે.

### દિલ્હીમાં વિધાનસભાની

## ચૂંટણી આવતાની સાથે જ ભાજપ ઝૂંપડપટ્ટીમાં જવાનું નાટક કરી રહી છે : આતિશી

### સીએમ આતિશીએ કહ્યું કે તેમને (ભાજપ)ને વોટ ન આપો કારણ કે તેઓ પાંચ વર્ષ સુધી તમારી જરૂરિયાતો પૂરી નહીં કરે

। નવીદિલ્હી, તા.૧૬ ।


દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. આ દરમિયાન આમ આદમી પાર્ટી અને બીજેપી એકબીજા પર નિશાન સાધી રહી છે. સોમવારે દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ પ્રેસ કોન્ફરન્સમાં ભાજપ પર નિશાન સાધ્યું હતું. સીએમ આતિષીએ કહ્યું કે ભાજપ ઝૂંપડપટ્ટીમાં જવાનું નાટક કરી રહી છે.સીએમ આતિશીએ કહ્યું કે તેમને (ભાજપ)ને વોટ ન આપો કારણ કે તેઓ પાંચ વર્ષ સુધી તમારી જરૂરિયાતો પૂરી નહીં કરે. અરવિંદ કેજરીવાલ પાંચ વર્ષમાં તમારી જરૂરિયાતો પૂરી કરશે. તેમની પાસે મફત વીજળી, મફત પાણી, સરકારી શાળાઓમાં સારું શિક્ષણ, મોહલ્લા ક્લિનિકમાં મફત સારવાર છે. અરવિંદ કેજરીવાલ એવા નેતા છે જે ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોની ચિંતા કરે છે. ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોએ ભાજપના નેતાઓથી સાવચેત રહેવું જોઈએ. કારણ કે તેઓ તમારી ઝૂંપડપટ્ટીને તોડી પાડશે અને તમારો મત પણ કાપી નાખશે.દરમિયાન, આમ આદમી પાર્ટીના જંગપુરાના ઉમેદવાર મનીષ સિસોદિયાએ ફરી એકવાર કાયદો અને વ્યવસ્થાને લઈને કેન્દ્ર પર નિશાન સાધ્યું છે. મનીષ સિસોદિયાએ કહ્યું કે દિલ્હીની જનતાએ અરવિંદ કેજરીવાલને શાળા, વીજળી અને હોસ્પિટલ પર કામ કરવાની જવાબદારી આપી હતી. તેમણે સરકારી હોસ્પિટલો પર કામ કર્યું અને તેમને સુધાર્યા. હવે ૨૪ કલાક વીજળી છે, વીજળીનું બિલ શૂન્ય છે, સરકારી શાળાઓ હવે ઉત્તમ છે.તેમણે વધુમાં કહ્યું કે, તેમણે અરવિંદ કેજરીવાલને જે પણ જવાબદારીઓ આપી, તેમણે તેને સારી રીતે નિભાવી.

### રાજધાની દિલ્હીમાં હવા સાફ થઈ ગઈ

# ૯ વર્ષમાં પહેલીવાર એક્યુઆઇ સૌથી નીચો રહ્યો । રેકોર્ડ બન્યો

## વર્ષ ૨૦૧૫થી હવાની ગુણવત્તા ચકાસવામાં આવી રહી છે. ત્યારપછી આ પહેલીવાર છે જ્યારે દિલ્હીમાં આટલી સ્વચ્છ હવા મળી । એક્યુઆઇ ૬ દિવસે 'મધ્યમ હવા' તરીકે નોંધવામાં આવ્યો

। નવીદિલ્હી, તા.૧૬ ।



દેશના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં દિલ્હી ટોચ પર છે. અહીંની હવામાં ઝેર છે. પરંતુ આ ડિસેમ્બરમાં દિલ્હીની હવા એટલી સ્વચ્છ થઈ ગઈ છે કે છેલ્લા ૯ વર્ષમાં ક્યારેય આટલી સ્વચ્છ નથી રહી. એટલે કે વર્ષ ૨૦૧૫થી હવાની ગુણવત્તા ચકાસવામાં આવી રહી છે. ત્યારપછી આ પહેલીવાર છે જ્યારે દિલ્હીમાં આટલી સ્વચ્છ હવા મળી છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર એર ક્વોલિટી ઈન્ડેક્સનું સંકલન ૨૦૧૫માં શરૂ થયું હતું. આ વર્ષે ડિસેમ્બરમાં જ્યારે દિલ્હીનો એક્યુઆઈ તપાસવામાં આવ્યો ત્યારે આમાંથી માત્ર એક જ દિવસે 'ખૂબ નબળી હવા' નોંધવામાં આવી હતી. આ સિવાય એક્યુઆઈ ૬ દિવસે 'મધ્યમ હવા' તરીકે નોંધવામાં આવ્યો હતો. જ્યારે ૮ દિવસનો એક્યુઆઈ 'નબળો' તરીકે નોંધાયો હતો. આ મહિને ૮ ડિસેમ્બરે જ દિલ્હીની હવા સૌથી વધુ ઝેરી હતી. જેનો એક્યુઆઈ ૩૦૨ નોંધાયો હતો. જે ખૂબ જ ખરાબ શ્રેણીમાં આવે છે. ડિસેમ્બરમાં ૬ દિવસ સુધી હવાની ગુણવત્તા 'મધ્યમ' રહી, જે અત્યાર સુધીના સૌથી વધુ દિવસો છે. આ વર્ષે ૧ ડિસેમ્બરથી ૧૫ ડિસેમ્બરની વચ્ચે દિલ્હીનો સરેરાશ એક્યુઆઈ ૨૩૮ હતો, જે ડિસેમ્બર માટે અત્યાર સુધીનો સૌથી ઓછો છે. છેલ્લા નવ વર્ષોમાં, ડિસેમ્બરના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સરેરાશ એક્યુઆઈ ૩૦૦ થી ઉપર રહ્યો છે, જે આ મહિનાના પહેલા ભાગમાં એકદમ સ્વચ્છ બનાવે છે. અગાઉ, ૨૦૨૨ માં મહિનાના પ્રથમ છ મહિનામાં સૌથી નીચો સરેરાશ એક્યુઆઈ ૩૦૧ હતો. ગયા વર્ષે સમાન સમયગાળા માટે સરેરાશ એક્યુઆઈ ૩૨૭ હતો.

## ઈઝરાયેલે આયર્લેન્ડમાં તેની એમ્બેસી બંધ કરવાની જાહેરાત કરી

। ગાઝા, તા.૧૬ ।

ઈઝરાયલ એક વર્ષથી વધુ સમયથી ઘણી બાજુથી યુદ્ધ લડી રહ્યું છે. હમાસ દ્વારા ઈઝરાયેલમાં ઘૂસીને એક હજારથી વધુ લોકોનો કત્લેઆમ કર્યા બાદ ઈઝરાયેલ યુદ્ધમાં ડૂબી ગયું છે. ત્યારથી, હમાસ, હિઝબુલ્લાહ, ઈરાન અને હુથીએ ઈઝરાયેલ પર મોટા પાયે હુમલા શરૂ કર્યા છે. તે જ સમયે, વિશ્વના ઘણા દેશો ઈઝરાયેલ પર ગાઝામાં નરસંહારનો આરોપ પણ લગાવી રહ્યા છે. આ બધાની વચ્ચે ઈઝરાયેલે યુરોપના મહત્વના દેશ આયર્લેન્ડમાં પોતાની એમ્બેસી બંધ કરવાની જાહેરાત કરી છે.ઈઝરાયેલે આયર્લેન્ડમાં પોતાની દૂતાવાસ બંધ કરવાના નિર્ણયની જાણકારી આપી હતી.

## પ્રખ્યાત તબલા વાદક ઝાકિર હુસૈનનું નિધન, પરિવારના સભ્યોએ પુષ્ટી કરી

। નવી દિલ્હી, તા.૧૬ ।

પ્રખ્યાત તબલા વાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનના નિધનની પુષ્ટી થઈ ગઈ છે. તેમની તબિયત નાજૂક હતી. રવિવારે તેમની તબિયત લથડતા તેમને તાત્કાલિક અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોની હોસ્પિટલમાં દાખલ કરાયા. જોકે પહેલા તેમના નિધનની અફવા ઉડી હતી અને પછી તેઓ સારવાર હેઠળ હોવાની વાત સામે આવી હતી. મહત્વનું છે કે, જણાવી દઈએ કે, ૯ માર્ચ ૧૯૫૧એ મુંબઈમાં જન્મેલા ઝાકિર હુસૈનને ભારતના બીજા સૌથી મોટા નાગરિક પુરસ્કાર પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ, અને પદ્મ શ્રીથી સન્માનિત કરાયા હતા. ઝાકિર હુસૈનનું નામ આખી દુનિયામાં પ્રખ્યાત છે અને ભારત સહિત અનેક દેશોમાં તેમના કરોડો ચાહકો છે.ગંભીર હાલતના સમાચાર આવ્યાઆ અગાઉ પત્રકાર પરવેઝ આલમે ઠ (અગાઉના ટ્વિટર) પર ઝાકિર હુસૈનની એક તસવીર શેર કરી હતી. આ સાથે તેણે લખ્યું હતું કે, 'તબલા વાદક, તાલ વાદક, સંગીતકાર, ભૂતપૂર્વ અભિનેતા અને મહાન તબલા વાદક અલ્લાહ રક્ખાના પુત્ર ઉસ્તાદ ઝાકિર હુસૈનની તબિયત સારી નથી.'

### ગઢીમાઈ દેવી સ્થાને દર પાંચ વર્ષે મેળો ભરાય છે

### વહીવટી તંત્રની સતર્કતાના કારણે ઓછામાં ઓછા ૭૫૦ પશુઓને બચાવી લેવાયા છે, જેમાં ભેંસ, ઘેટા, બકરા અને અન્ય પ્રાણીઓનો સમાવેશ થાય છે

# નેપાળમાં ૧૫ દિવસ સુધી ચાલનારા મેળામાં માત્ર બે દિવસમાં જ ૪૨૦૦ ભેંસોનું બલિદાન

। કાઠમાંડૂ, તા.૧૬ ।



પાડોશી દેશ નેપાળના બારા જિલ્લામાં ગધીમાઈ દેવી સ્થાને દર પાંચ વર્ષે એક વાર મેળો ભરાય છે. જેમાં ૨.૫ લાખથી ૫ લાખ પશુઓની બલિ ચઢાવવામાં આવે છે. આ વખતે, સશસ્ત્ર સીમા બાલ અને સ્થાનિક વહીવટીતંત્રે પ્રાણીઓને બચાવવા માટે દિવસ-રાત કામ કર્યું હતું. મળતી માહિતી મુજબ ૧૫ દિવસ સુધી ચાલનારા મેળામાં આ વખતે ૮ અને ૯ ડિસેમ્બરના બે દિવસમાં જ ૪૨૦૦ ભેંસોનું બલિદાન આપવામાં આવ્યું હતું. સાથે જ વહીવટી તંત્રની સતર્કતાના કારણે ઓછામાં ઓછા ૭૫૦ પશુઓને બચાવી લેવાયા છે, જેમાં ભેંસ, ઘેટા, બકરા અને અન્ય પ્રાણીઓનો સમાવેશ થાય છે. આ પ્રાણીઓને ગુજરાતના જામનગરમાં રિલાયન્સ ગ્રુપના વાઈલ્ડલાઈફ રિહેબિલિટેશન સેન્ટરમાં મોકલવામાં આવ્યા છે.બારા જિલ્લામાં ગધીમાઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્થિત વિશ્વ પ્રસિદ્ધ ગધીમાઈ મંદિર ખાતે દર પાંચ વર્ષે આયોજિત મેળાનું ઉદ્ઘાટન ૨જી ડિસેમ્બરે નેપાળના ઉપરાષ્ટ્રપતિ રામ સહાય યાદવે કર્યું હતું. આ મેળો ૧૫ ડિસેમ્બર સુધી ચાલ્યો હતો. ૮મી ડિસેમ્બરે એક વિશેષ પૂજા કરવામાં આવી હતી અને તે પછી, જેમની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ હતી તેવા લોકોએ તેમના વ્રત મુજબ પ્રાણીઓ અને પક્ષીઓની બલિ ચઢાવી હતી.આ લોહિયાળ પરંપરા સાથે જોડાયેલી એવી માન્યતા છે કે ગધીમાઈ મંદિરના સ્થાપક ભગવાન ચૌધરીને સ્વપ્ન આવ્યું હતું કે માતા તેમને જેલમાંથી મુક્ત કરવા માટે બલિદાન માંગી રહી છે. આ પછી પૂજારીએ પ્રાણીનું બલિદાન આપ્યું. ત્યારથી, લોકો તેમની ઈચ્છાઓ સાથે અહીં આવે છે અને પ્રાણીઓની બલિદાન આપે છે. કહેવાય છે કે ગધીમાળનો આ ઉત્સવ ૨૬૫ વર્ષથી ચાલી આવે છે.

### ડ્રોન હુમલાથી તબાહી મચાવી

### રહેણાંક વિસ્તારમાં ડ્રોન હુમલામાં બાળકનું મોત થયું હતું

# રશિયાના હુમલાનો યુક્રેને આપ્યો જડબાતોડ જવાબ

। ક્વિ, તા.૧૬ ।



રશિયા દ્વારા કરવામાં આવી રહેલા ઝડપી હુમલાનો યુક્રેને પણ જોરદાર જવાબ આપ્યો છે. યુક્રેને દક્ષિણ રશિયામાં ડ્રોન હુમલા કર્યા છે. યુક્રેન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલામાં એક નવ વર્ષના છોકરાનું મૃત્યુ થયું હતું અને એક મુખ્ય ઈંધણ ડેપોમાં આગ લાગી હતી. અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે. યુક્રેનની સરહદ નજીક સ્થિત બેલગોરોડના રશિયન ક્ષેત્રના ગવર્નર વ્યાચેસ્લાવ ગ્લાડકોવે સોશિયલ મીડિયા ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે રહેણાંક વિસ્તારમાં ડ્રોન હુમલામાં બાળકનું મોત થયું હતું. ગ્લેડકોવે કહ્યું કે આ ઘટનામાં ઘાયલ બાળકની માતા અને સાત મહિનાની બહેનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

યુક્રેનના જનરલ સ્ટાફે જણાવ્યું હતું કે યુક્રેનિયન ડ્રોને દક્ષિણ રશિયાના ઓરીઓલ ક્ષેત્રમાં રાત્રે એક મુખ્ય ઈંધણ ડેપોને નિશાન બનાવ્યું હતું. જનરલ સ્ટાફ અને રશિયન ટેલિગ્રામ ન્યૂઝ ચેનલો દ્વારા પ્રકાશિત કરાયેલા ફોટોગ્રાફસમાં ઈંધણના ડેપોમાંથી ધુમાડાના વિશાળ પ્લુસ નીકળતા જોવા મળ્યા હતા. ઓરીઓલના ગવર્નર આન્દ્રે ક્લીચકોવે પુષ્ટિ કરી છે કે યુક્રેનિયન ડ્રોન હડતાલને કારણે ત્યાંના ઈંધણ ડેપોમાં આગ લાગી હતી.

બાદમાં, તેમણે એક અલગ પોસ્ટમાં જણાવ્યું હતું કે આગ કાબૂમાં આવી ગઈ છે અને કોઈ જાનહાનિ થઈ નથી. રશિયાએ તેના પાડોશી દેશ પર ૯૩ ક્રુઝ અને બેલિસ્ટિક મિસાઈલો અને લગભગ ૨૦૦ ડ્રોન છોડ્યાના એક દિવસ બાદ યુક્રેનના હુમલાઓ થયા છે. આ હુમલાઓને કારણે યુક્રેનના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ નુકસાન થયું છે. ઝેલેન્સકીએ કહ્યું કે રશિયા આવા હુમલાથી લાખો લોકોને આતંકિત કરી રહ્યું છે. યુક્રેનિયન એરફોર્સના જણાવ્યા અનુસાર, રશિયાએ શનિવારે તેના ડ્રોન હુમલા ચાલુ રાખ્યા હતા.

# બનાસકાંઠાના પાલનપુરમાં યુવતીની આત્મહત્યા, માફી માંગતો વિડીયો વાઇરલ

। પાલનપુર, તા.૧૬ ।

બનાસકાંઠાના પાલનપુરમાં યુવતીએ આત્મહત્યા કરી છે. આત્મહત્યા પહેલા યુવતીએ માફી માંગતો વિડીયો બનાવ્યો છે. મૃતક યુવતીના મોબાઈલમાંથી વિડીયો મળ્યો છે. મોબાઈલમાં તેણે અજાણ્યા યુવક સાથે વાતચીત કરી હોવાનો ઓડિયો પણ મળ્યો છે.મૃતક યુવતીના મોબાઈલમાંથી યુવક સાથેની વાતચીતનો વિડીયો મળી આવતા કુટુંબીજનોએ પાલનપુર પશ્ચિમ પોલીસમથકે રજૂઆત કરી છે. તેઓએ આ ઓડિયામાં અજાણ્યા યુવકનો અવાજ સંભળાય છે તેની સામે ફરિયાદ નોંધી છે. તેના પગલે પોલીસે આ અજાણ્યા યુવક સામે ગુનો નોંધ્યો છે.પોલીસ કુટુંબીજનોની રજૂઆતના પગલે યુવતીનો મોબાઈલ તેના કબ્જામાં લીધો છે અને આ મોબાઈલના આધારે આ કેસની અનેક કડીઓ મળશે તેમ પોલીસ માને છે. યુવતીએ આત્મહત્યા કરતાં પહેલા વિડીયો વાઈરલ કર્યો હતો.

Jariwala HOLIDAYS PVT. LTD.
રામકૃષ્ણ આશ્રમ સામે, યાજ્ઞિક રોડ, રાજકોટ
માહિતી પત્રક માટે વોટસએપ કરો : 91733 91333
ફેમીલી/કપલ ટુર્સ
AC 2X2 સ્લીપર-સીટીંગ બસ/ રેલ્વે/ફ્લાઈટ દ્વારા
ગુજરાતી-પંજાબી-જૈન ભોજન મિનરલ વોટર • સ્ટાર-ડીલક્ષ હોટલ
ગોવા | મનાલી સિમલા ડેલહાઉસી | કાશ્મીર વૈષ્ણોદેવી અમૃતસર | હરિદ્વાર આગ્રા-દિલ્હી મથુરા
પંચમઢી ઇન્દોર ઉજ્જૈન | ચારધામ યાત્રા | ગોવા એર પેકેજ | સિક્કીમ દાર્જીલીંગ લાચુંગ

સેક્સ સમસ્યાઓનું પ્રભાવશાળી સમાધાન
(ડાયબીટીસ, બી.પી.માં પણ લાભદાયક)
જોશ જગાવે ઘૂમ મચાવે
100% આયુર્વેદિક
18 થી 75 વર્ષ સુધી લાભદાયક
જોશ, તાકાત, ટાઈમિંગ, સ્ટેમિના, સાઈઝ વધારો
શીઘ્રપતન, સ્વપ્નદોષ, નપુંસકતા, ઈન્દ્રીની કમજોરી માટે વિશેષ લાભદાયક
લાભ નહીં તો પૈસા પરત
દવા ઘર બેઠા મંગાવવા માટે સંપર્ક કરો
આચાર્ય આયુર્વેદ
08116593448

PG ON PER DAY
WHY CHOOSE COSTLY HOTELS WHEN PG ROOMS ARE AVAILABLE AT 500 Rs PER DAY ONLY
@ ₹ 500/DAY
WITH ALL FACILITIES
• 3 TIMES FOOD • AC ROOM • LAUNDRY WITH IRONIC • HIGH SPEED WIFI • 24/7 OPEN • GEYSER • LED TV IN EVERY ROOM • BLENKET • ETC
9294888777
Kripal Homes PG

|| કિસ્મત કુંડલી ||
આપના જીવનનો નકશો
સંપર્ક : જ્યોતિષી ડૉ. આર.જે. દવે (વીંછીઆવાળા)
+91 99740 92777
University Certified International Astrologer.

ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક
અમદાવાદમાં ન્યૂઝ મીડિયા ક્ષેત્રે કરિયર બનાવો
ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે
છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે
ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યુટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..
લોક પત્રિકા
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
સંપર્ક । 98252 52125
વધુ માહિતી માટે અમારે વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in

BANKER & BAKERS™
A Bite Of Celebration...
20 Years of Bakery Experience
Freshly Baked Joy, Every Day!
FRANCHISE INQUIRY
9537331130 - 9924399337
BRANCHES
KADIA-NEHRUNAGAR-ASARVA

Umilk
કરો સ્વાદનો ઉમેરો તમારી શુભસવારની ચાના કપમાં
With Gir Cow's Raw A2 Milk
GIR COW'S RAW A2 MILK
Call or Whatsapp us on : +91 82008 89122 | Visit our website : www.a2umilk.com

સરળતાથી વસાવો... સરળતાથી ચલાવો...
KINETIC GREEN
Think Electric.. Think Kinetic
CNG/ડિઝલ રીક્ષાનો ખર્ચ ₹350 પ્રતિ દિવસ
કાઈનેટીક ઈલેક્ટ્રીક રીક્ષાનો ખર્ચ ₹20 પ્રતિ દિવસ
BATTERY WARRANTY 3 YEARS | SERVICES WARRANTY 1 YEAR | LOADING CAPACITY 700 KG | RTO CERTIFIED REGISTER
સૌથી મોટી બોડી... સૌથી મોટી કેપેસીટી...
ડિજિટલ ગુજરાત સબસિડી ૫૦૦૦૦/-
વોટર સપ્લાયર | FMCG | દુધ સપ્લાયર | વુડ સપ્લાયર | ગેસ સપ્લાયર
ઉપયોગ : • કરિયાણા • માલસમાન હેરફેર • ઈન્ડસ્ટ્રીઝ • પ્રિન્ટીંગ પ્રેસ • પ્લાયવુડ • બ્રાન્ડીંગ પ્રમોશન • ફાસ્ટ ફૂડ • કુરિયર • ટાયર • શાકભાજી-ફળ • કટલેરી • ઈલેટ્રોનિક્સ સપ્લાય • બેકરી • સેન્ટરી • હરતીફરતી દુકાન
SiddhiVinayak Autolink
3 Wheeler - Showroom 84008 84002
• SALES • SERVICE • SPARE
Ankit Party Plot, Nr. SiddhiVinayak Ford Workshop, Kuvadva Road, Rajkot.
All Type of Electric 2&3 Wheeler Service & Repairing : 82003 82005

VISHAL AUTOMOBILES
આપણાં વિસ્તાર માં મલ્ટી બ્રાન્ડ વ્હીકલ શો-રૂમ
ન્યુ કોમર્શીયલ | યુઝડ કોમર્શીયલ | ફાઇનાન્સ | રી-ફાઇનાન્સ
અશોક લેલેન્ડ દોસ્ત | મારુતિ સુપર કેરી | મહીન્દ્રા મેક્સ | ટાટા એસ
એક્ષચેન્જ ની સુવિધા ઉપલબ્ધ
ઓછામાં ઓછું ડાઉન પેમેન્ટ | સરળ હપ્તા | નવી જૂની ગાડીનો વિમો
મારુતિ ઇકો | મહિન્દ્રા ઇલેક્ટ્રીક લોડિંગ | કોમર્શીયલ વહાનોની કંપની પસંદ કરો. સબસિડી ઉપલબ્ધ
દરેક કંપનીની નવી થ્રી ફોર વ્હીલર ગાડી મળશે.
તેમજ નવી તથા જૂની ગાડી પર લોન કરી અપવામાં આવશે.
ગાડી લેતા પહેલા એકવાર અવશ્ય મુલાકાત લો.
64, Dada Estate, Opp. Hotel Savan, Sarkhej Circle, S.G. Highway, Sarkhej, Ahmedabad-10. M : 95371 57373, 76980 01092
(વિશ્વાસ ૩૫ વર્ષ જૂની શાખા નો: ભવાની મોટોક્રાફટ પ્રાઈવેટ લિમિટેડ સરખેજ)

Printer, Publisher & Owner : Avesh K. Malaviya, Printed at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and Published From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. Mob.98252 52125 Email : lokpatrikadaily@gmail.com website : www.lokpatrika.in Editor : Avesh K. Malaviya